પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૨/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ પોષ વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૦૪૩


**સુવિચાર**

જે મુસીબતમાં પણ જીવનની ઈજ્જત સાચવી શકે એ જ જિંદગીની સાચી લિજ્જત માણી શકે.


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## સફારી પાર્કમાં ચોરીનો ભેદ અણઉકેલ ત્યાં ફરી એક વિવાદ


# આંબરડી સફારી પાર્કમાં જન્મેલા વરૂનાં બચ્ચાનાં મોત

**સફારી પાર્કમાં વરૂનાં પુનઃ સ્થાપનનો પ્રયાસનાં પ્રારંભે જ વિક્ષેપ આવતા વન્ય પ્રાણીપ્રેમીઓ નારાજ**

**૨૩ જાન્યુઆરીનાં રોજ હોંશે હોંશે વનમંત્રીએ પુનઃ સ્થાપન માટે ૬ વરૂને છુટા કર્યા હતા**

**અમરેલી જિલ્લામાં એક સમયે વરૂની ખૂબ મોટી વસ્તી હતી તેને પુનઃ સ્થાપિત કરવાનો પ્રયાસ થયો હતો**

**અગાઉ ૨ કાળિયારનાં પણ મોત નિપજયા હતા વન વિભાગમાં ગંભીરતાનો અભાવ**










ધારી, તા. ૩૧

ધારી નજીકના સફારી પાર્કમા આઠ દિવસ અગાઉ જ મહેમાન થયેલા અને જેની વસ્તી વધારવાની મોટી જાહેરાત કરવામાં આવી હતી તેવા શેડયૂલ એકના વન્ય પ્રાણી એવા વુલ્ફ (નાર)ના એક સાથે ૬ બચ્ચા જન્મ સાથે જ મોતને ભેટતા અનેક સવાલો ઉભા થયા છે.

ગત તા. ૨૩/૧/૨૦૨૪ના રોજ આંબરડી સફારી પાર્ક ખાતે રાજયના વન મંત્રી મુળુભાઈ બેરા દ્વારા અમરેલી જિલ્લાના રેવન્યુ વિસ્તારમાં ઈન્ડિયન વુલ્ફ પ્રજાતિને પુનઃ સ્થાપન માટે ૬ વરૂને રિલીઝ કરવામાં આવ્યા હતા. રાજય સરકાર દ્વારા વરૂને પુનઃ સ્થાપન કરવાનો પ્રયાસ થયો હતો. આ વરૂઓને સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય જૂનાગઢથી વુલ્ફ બ્રીડિંગ સેન્ટર ખાતેથી અહીં લાવવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાજય સરકાર દ્વારા લુપ્ત થયેલા વરૂને ફરી વસાવવા કવાયત હાથ ધરવામાં આવેલ છે. અમરેલી જિલ્લામાં એક સમયે વરૂની ખુબ મોટી વસ્તી હતી પરંતુ હાલમાં આ પ્રજાતિ આ વિસ્તારમાં નામશેષ થઈ ગઈ છે. ત્યારે વન તંત્ર દ્વારા વરૂને આ વિસ્તારમાં ફરી વસાવા પ્રયાસ હાથ ધરાયો હતો. ૬ વરૂને આંબરડી સફારી પાર્ક ખાતે રિલીઝ કરવામાં આવ્યા હતા. આઠેક માસ બાદ તેની ટ્રેનિંગ આપ્યા પછી મૂકત વાતાવરણમાં છોડી દેવાશે. પરંતુ વન વિભાગ આંબરડી સફારી પાર્કના સ્ટાફની બેદરકારીના કારણે તાજા જન્મેલા ૬ બચ્ચાનાં મોત થયેલ છે. સારવારની અભાવના કારણે પણ મોત થયાના સમાચારે જોર પકડયું છે.

આંબરડી સફારી પાર્કમાં સિંહની સાથે આ અગાઉથી ચિતલ, ચિંકારા અને નીલગાય જેવા પ્રાણીઓ પણ હતા. વન તંત્ર દ્વારા થોડા સમય પહેલા પાર્કમાં કાળિયાર અને ઝરખ પણ છોડવામાં આવ્યા હતા. જેમાં થોડા સમય પહેલા બે કાળિયારના પણ મોત થયેલા હતા. જેમાં વન તંત્રને પુછપરછ કરતા કુદરતી મૃત્યુનું કારણ દર્શાવી દીધેલ છે. પરંતુ પાર્ક બહારના દીપડા અહીં ફેન્સિંગ ટપીને પાર્કમાં આવી જાય છે અને શિકારની માવજત ઉઠાવતા હોય છે. જે સંદર્ભે પણ વન વિભાગ નિષ્ફળ નીવડયું હોય એવું લાગી રહ્યું છે.

ગુજરાતમાં ૧૫૦થી ૩૦૦ વરૂની ધારણાં કરવામાં આવે છે. વેળાવદર, રાજકોટના રામપરા વિસ્તારમાં વગેરે નાના-નાના પોકેટમાં વરૂ દેખાય છે. પરંતુ વન વિભાગ ધારીની ઘોર બેદરકારીના કારણે આંબરડી સફારી પાર્ક ખાતે


(અનુસંધાન પાના ૬ ઉપર)


### સફારી પાર્કના આર.એફ.ઓ.ને એ.સી.એફ.નાં ચાર્જમાથી મુકત કરો

સફારી પાર્કના આર.એફ.ઓ. વર્ષોથી એ.સી.એફ.ના ચાર્જમાં પણ છે જેની હેઠળ ૩ રેન્જનુ મોનિટરીંગ કરવાનુ હોય છે. તેવામાં આ રેન્જર પોતાના તાબા હેઠળના પાર્કમાં પાંજરા રહેલ વન્યજીવ તથા અન્યની મોનિટરીંગમાં ઉણા ઉતર્યા છે. તેવામાં અન્ય રેન્જનાં મોનિટરીંગમાં કેવી હાલત હશે એ સમજી શકાય છે. કારણ કે અહિ માત્ર કાગળ પર ફેરણાઓ થતાં હોવાની ચર્ચા છે તેમજ એ.સી. ચેમ્બરમાં બેસી સબ સલામતની વાતો ચલાવવામા આવે છે. ત્યારે તેમની પાસે રહેલ વધારાનો ચાર્જ અનેક સવાલો ઉભા કરે છે.

## ડબલ સવારીમાં પાછળ બેસેલ વ્યકિત પર આફત આવી

# અમરેલીનાં મંગળાબેન બાલમંદિર નજીક બાઈક સ્લીપ થતાં ૧ વ્યકિતનું મોત

**સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૩૧

અમરેલીમાં રહેતા આરોપી હિતેષભાઈ રામદાસભાઈ રાઠોડ અને તેમના મોટર સાયકલ પાછળ મરણ જનાર પરેશભાઈ મનસુખભાઈ જોગદીયા બેસીને જતાં હતાં. ત્યારે આરોપીએ પોતાની મોટર સાયકલ પુરઝડપે અને બેફિકરાયથી ચલાવી અને અમરેલીના મંગળાબેન બાલમંદિર પાસે સ્લીપ ખવડાવી દેતા મોટર સાયકલની પાછળ બેઠેલા પરેશભાઈ મનસુખભાઈ જોગદીયા રોડ ઉપર નીચે પડી જતાં માથાના પાછળના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## લાખોની સંખ્યામાં જનમેદની એકત્ર થતા કોંગીજનો ખુશ

# બિહાર બાદ પશ્ચિમ બંગાળમાં પણ રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાય યાત્રાને જબરદસ્ત આવકાર

**મણીપુરથી શરૂ થયેલ યાત્રાને દેશના દરેક વિસ્તારમાં પ્રચંડ આવકાર**





અમરેલી, તા. ૩૧

કોંગી નેતા રાહુલ ગાંધીની મણીપુરથી મુંબઈ સુધી શરૂ થયેલ ભારત જોડો ન્યાય યાત્રાને મણીપુર, નાગેલેન્ડ, આસામ બાદ બિહાર અને પશ્ચિમ બંગાળમાં પ્રચંડ જનસમર્થન મળી રહયું છે. દેશની જનતાના ન્યાય, રોજગારી સહિતના પ્રશ્ને દેશવાસીઓની મુલાકાતે નિકળેલ રાહુલ ગાંધીનું ઠેર ઠેર લાખોની જનમેદની ઉમળાભેર સ્વાગત કરતા જોવા મળી રહી છે અને ભારત જોડો ન્યાય યાત્રા ભારત જોડો પ્રથમ યાત્રા કરતા પણ વધુ સફળ રહી છે. તેવો દાવો કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહયો છે.


NATIONAL INSTITUTE OF OPEN SCHOOLING
(N.I.O.S)
ધો. ૧૦/ધો. ૧૨
સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ
એડમીશન માટે સંપર્ક : 94272 49256
શ્રી તુન્ની વિદ્યામંદિર
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.-૩૬૫૬૦૧

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
રિસેપ્સનિસ્ટ - ૧
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : ૭,૦૦૦/- થી ૮,૦૦૦/-
મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
NATRAJ Gharelu Aatachakki
ફૂલ્લી ઓટોમેટીક ઘરઘંટીની વિશાળ શ્રેણી
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ

Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

# બગસરામાં એસ.ટી. ડેપોના કર્મચારીઓનો વિદાય સમારોહ યોજાયો






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા એસટી ડેપોમાં એક સાથે ચાર કર્મચારીઓની વય મર્યાદાના કારણે વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં બકુલભાઈ જોષી , કિશોરભાઈ જોષી, દીપકભાઈ જોષી, તથા વસંતભાઈ પોપલિયાનો વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં એસટી કર્મચારીઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ તેમજ બગસરા પેસેન્જર એસોસિએશન દ્વારા પણ તેમને શાલ ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ. આ તકે આ ચારેય કર્મચારી જે વય મર્યાદાના લીધે નિવૃતિ થયેલ તેવો ભાવુક થયા હતા અને વર્ષો થયા એસટીની વફાદારીથી ફરજ બજાવી રહ્યા હતા. તેને યાદ કરી પોતાની નોકરીની જાખી કરવામાં પણ આવી હતી. સારાનર્ષા ઘણા અનુભવો થયા છતાં તેવો પોતાની ફરજ પ્રત્યે અડગ અને નિષ્ઠાથી પોતાની ફરજ બજાવી હતી. આ તકે બગસરા ડેપો મેનેજર તેમજ એસ ટી નિગમ વિભાગીય વડા દવેએ ખાસ હાજરી આપી તેમજ અન્ય અધિકારી પણ હાજર રહ્યા હતા. આ તમામ કર્મચારી ને શુભેચ્છા પાઠવી હતી અને પાછળનું જીવન સુખી અને તંદુરસ્તીથી પસાર કરો એવી શુભકામના આપી હતી.

### વિધાનસભા સત્ર શરૂ થયુ હોવાથી

## લાઠી : ધારાસભ્ય જનક તળાવિયા ૨૯ ફેબ્રુઆરી સુધી સ્થાનિક કક્ષાએ ઉપસ્થિત નહી રહે

### નાગરિકોને સ્થાનિક કાર્યાલયનો સંપર્ક કરવા જણાવાયું

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર ખાતે વિધાનસભા બજેટ સત્ર તા. ૧/૨/૨૪ થી તા. ૨૯/૨/૨૦૨૪ દરમિયાન ચાલુ રહેવાનું હોય, લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા ગાંધીનગર ખાતે હાજર રહેનાર છે જેથી તેઓ લાઠી બાબરા દામનગર વિસ્તારમાં ઉપસ્થિત રહી શકશે નહીં જેની લાઠી બાબરા દામનગર વિસ્તારની જાહેર જનતાએ નોંધ લેવા અનુરોધ લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા કરવામાં આવેલ છે.



લાઠી બાબરા દામનગર વિસ્તારના પ્રજાજનો પોતાનો કિંમતી સમય કાઢીને સ્થાનિક ધારાસભ્યની મુલાકાત કરીને તેમના પ્રશ્નોની વાચા આપતા હોય છે પરંતુ હાલમાં ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહેલ હોય લાઠીના લોકપ્રિય અને જાગૃત ધારાસભ્ય લાઠી બાબરા દામનગર ખાતે ઉપસ્થિત ન હોવાના કારણે પ્રજાજનોને હાલાકી નો સામનો કરવો ના પડે એવા ઉમદા હેતુથી જનક તળાવીયા એ તેમની લાઠી ખાતે આવેલ 'સમર્પણ' જન સંપર્ક કાર્યાલયના ફોન નં.૦૨૭૯૩ – ૨૯૯ ૨૦૦ અને મોબાઈલ નં. ૬૩ ૫૩ ૭૫ ૨૮ ૦૦ ઉપર સંપર્ક કરીને પોતાના પ્રશ્નોની જાણ કરવા અને પોતાની રજૂઆત તેમના ઈમેલ આઈડી : mlalath@gujarat.gov.in ઉપર મોકલવા જણાવેલછે

## બગસરાની ડો. પૂજાની એઈમ્સ રાજકોટમાં નિમણૂંક



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩૧

બગસરા નગરપાલિકામાં નોકરી કરી ચૂકેલા સુનિલભાઈ અભાણી ની પુત્રી ડો. પૂજા અભાણી ની નિમણૂક એઈમ્સ રાજકોટ ખાતે થયેલ છે. ડોકટર પૂજાએ ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઈન આયુર્વેદા જામનગરમાંથી પોતાનું આયુર્વેદમાં પીએચડી પૂર્ણ કરેલ છે. તેમની રાજકોટ એમ્સ ખાતે મેડિકલ ઓફિસર તરીકે નિમણૂક થતા બગસરાનું ગૌરવ વધારેલ છે.

### હિન્દુ–મુસ્લિમ એકતાનાં પ્રતિક સમી

## જાફરાબાદનાં રોહિસા ગામે આવેલ ધાર્મિક સ્થાન નજીક પ્રાથમિક સુવિધાનો અભાવ

### ભકતજનોને માર્ગ સહિતની સુવિધા આપવા માંગ

જાફરાબાદ, તા. ૩૧

જાફરાબાદ તાલુકાનું રોહિસા ગામેથી બે કિલોમીટર દૂર હઝરત હજીરાપીરની દરગાહ તેમજ તેમની બાજુમાંજ મહાદેવનું મંદિર તેમજ હનુમાનજીનું મંદિર તેમજ ભૂતડા દાદાની જગ્યા એક જ સ્થળે આવેલી છે. જયાં દરવર્ષે ઉર્ષ શરીફનું દરવર્ષે આયોજન કરવામાં આવે છે. આ દરગાહના ખાદીમ ગફારબાપુ તેની પુજા પાઠ કરી રહ્યા (ખીદમત) કરી રહ્યા છે. તેમની પેઢી દર પેઢી પરંપરાગતથી તેઓ ખીદમત કરી રહ્યા છે. આ એક એવું ધર્મિક સ્થળ છે કે જયાં હિન્દુ મુસ્લિમ તેમજ અઢારે વર્ણના લોકોની આસ્થા જોડાયેલી છે. આ ધર્મિક સ્થળ હિન્દુ મુસ્લિમનું એકતાનું ઉત્તમ સ્થળ છે. આ દરગાહ પર દર ગુરૂવારે હિન્દુ મુસ્લિમ લોકો દર્શન તેમજ દીદાર કરવા માટે ઠેકઠેકાણેથી લોકો દર્શન કરવા માટે આવે છે. અને ધન્યતા અનુભવે છે. આ કોમિએકતાનું પ્રતિક સમાન સ્થળે જવા માટે રોહિસા ગામથી રોડ (રસ્તો) તદ્દન બિસ્માર હાલતમાં છે. અને વાહનો તેમજ યાત્રીકો માટે બે કિલોમીટરનો રસ્તો આઝાદી પછી આજદિન સુધી પાકો રોડ બનાવવામા




તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

આવ્યો નથી. જેથી કરીને લોકો તેમજ વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. તેમજ ચોમાસામાં આ રસ્તો એકદમ અતિશય ખરાબ હાલતમાં હોય છે. અત્રે નોંધવું ખાસ જરૂરી છે કે અઢારે વર્ણના લોકોનું આસ્થા સમાન આ સ્થળને રોહિસા ગામથી દરગાહ મંદિર તરફ જતા રસ્તા અંગેત્યાંના લોકોએ અવારનવાર રજૂઆતો કરેલ છે. લોકોની માંગણી છે કે આ રસ્તો વહેલામાં વહેલી તકે પાકો રોડ બનાવવામાં આવે તેવું લોકો દ્વારા જણાવાયું છે. તેમજ આ એક કોમિ એકતાનુ પ્રતિક હોય તેને ધ્યાનમાં લઈને તાત્કાલિક ધોરણે રસ્તો બનાવવામાં આવે તેવી લોકોની ઉગ્ર માગણી છે.

### લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા

## દેવળીયા (ચક્કરગઢ) ખાતે લાયન્સ પુસ્તકાલય અર્પણ સમારોહ યોજાયો

### ફ્રી ડેન્ટલ ચેકઅપ કેમ્પ તથા ટ્રાફિક અવેરનેશ કાર્યક્રમ થયો

અમરેલી, તા. ૩૧

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા દેવળીયા (ચક્કરગઢ) ખાતે પ્રાથમિક શાળામાં લાયન્સ પુસ્તકાલય અર્પણ સમારોહ યોજાયો હતો. લાયન્સ વર્ષ દરમ્યાન આ સાતમો પુસ્તકાલય અર્પણ સમારોહ હતો. અગાઉ છઠ્ઠો કેરીયાનાગસ મુકામે થયેલ. પાસસોથી વધુ પુસ્તકો વિદ્યાર્થીને ઉપયોગી થાય તેવા તથા બાળ કો વાંચન કરે તે ભાવથી અર્પણ કરેલ. તેમજ સાથો સાથ દેવળીયા પ્રા. શાળા ખાતે આર.ટી.ઓ. ઈન્સ્પેકટર પઢીયાર દ્વારા ટ્રાફિક અવેરનેશ અંતર્ગત માર્ગદર્શન અપાયું હતું. તેમજ વેદાંત ડેન્ટલ દ્વારા શાળાનાં બાળકોને ફ્રી દાંત ચેકઅપ કેરલ. ડો. શાશ્વત સોલંકી તથા ડો. ગ્રીષ્માબેને સેવાઓ આપેલ. આ તકે લા. પ્રમુખ કૌશિક હપાણી, કાંતિલાલ વઘાસીયા, દિનેશભાઈ ભુવા, જે.વી. સાવલીયા, રજનીકાંત ધોરાજીયા, કેતનભાઈ સોની, નનુભાઈ તળાવીયા,




જતની સુખડીયા, રાજેશ વિઠ્ઠલાણી તેમજ નાથાલાલ સુખડીયા, પ્રિન્સીપાલ, અન્ય નગરજનો હાજર રહેલ તેમ કલબનાં રાજુભાઈ પરિખ જણાવે છે.

## અમરેલીનાં શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં શહિદ દિવસથી ઉજવણી કરાઈ






અમરેલી, તા. ૩૧

શિક્ષણ સાથે રાષ્ટ્રીયતાનાં પાઠ ભણાવવા માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા.૩૦ જાન્યુઆરીના રોજ મહાત્મા ગાંધી પુણ્યતિથિ નિમિતે શહિદ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં જીવનમાં અને પ્રદાન બાબતે સંસ્થાનાં સંચાલક દિપકભાઈએ બાળ કો સાથે ગાંધીજી અને બીજા શહીદોને અંજલી આપી હતી.

આ પ્રસંગે શાળાનાં વિદ્યાર્થીઓએ પણ ગાંધીજીના પ્રેરક પ્રસંગો રજુ કર્યા હતા. પ્રાર્થના સભામાં બધા વિદ્યાર્થીઓએ ઉભા થઈ બે મિનિટનું મૌન પાળીને શહીદોને અંજલી આપી હતી.

'દે દી હમે આઝાદી બિના ખડગ બિન ઢાલ,

સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ''

ના ગીતોથી પ્રાર્થના સભાનું વાતાવરણ ભાવનાત્મક બન્યું હતું.

### ૫૯ વર્ષની વયે અંતિમ વિદાય લેતા

## રાજુલા ખાતે પત્રકાર સ્વ. દિલીપભાઈ ગોહિલનો સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાશે

### શનિવારે સાંજે ૪ કલાકે આહીર સમાજની વાડી ખાતે કાર્યક્રમ


અમરેલી, તા. ૩૧


રાજુલાનાં વતની અને રાજયનાં પ્રિન્ટ અને ઈલેકટ્રોનીક મીડિયાનાં પત્રકાર દિલીપભાઈ ગોહિલનું ૫૯ વર્ષની વયે નિધન થતાં પત્રકાર જગતમાં શોક છવાયો છે.



આગામી ૩ ફેબ્રુઆરીને શનિવારે સાંજે ૪ થી ૬–૩૦ સુધી આહીર સમાજની વાડી રાજુલા ખાતે સદગતને સ્મરણાંજલિનો કાર્યક્રમ સૌરભ સાહિત્ય સંસ્થાન ધ્વારા આયોજિત કરવામાં આવેલ છે.

# મહુવા ખાતે પૂ. મોરારીબાપુની નિશ્રામાં હરકિશન મહેતા વ્યાખ્યાન માળા યોજાઈ






(પ્રતાપ ખુમાણ સાવરકુંડલા)

મુંબઈ સુવિખ્યાત નવલકથાકાર અને પૂ. બાપુના કૃપા પાત્ર હરકિશન મહેતાની સ્મૃતિમાં હરકિશન મહેતા ફાઉન્ડેશન મુંબઈ પ્રેરીત મહુવા કેળવણી સહાયક સમાજ દ્વારા દર વર્ષે યોજાતી વ્યાખ્યાન માળ ા...મણકો–૩૧નું પુ.મોરારિબાપુની પાવન નિશ્રામાં જે.પી. પારેખ હાઈસ્કુલમાં આયોજન કરવામાં આવેલ હતુ. છેલ્લા ૩૩ વર્ષથી વચ્ચે બે વર્ષ કોરોના કાળમાં મુલત્વી રાખેલ. પુ. બાપુ તથા બહોળી સંખ્યામાં ઉપસ્થિત સૌનું સ્વાગત સન્માનમાં માનદ મંત્રી રજનીભાઈ ઠાકર દ્વારા કરવામાં આવેલ. કેરળના રાજયપાલ આરીફ મહમદખાનનું પુષ્પગુચ્છથી સ્વાગત સત્કાર, નેહલબેન ગઢવી, કરવામાં આવેલ. નેહલબેન ગઢવીનું આર. સી. મકવાણા દ્વારા પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ. પૂ. બાપુ દ્વારા રાજયપાલનું શાલ અને સ્મૃતિચિન્હ અર્પણ કરેલા તથા નેહલબેન અને તુષારભાઈ મહેતાનું સન્માન કરવામાં આવેલ. પૂ. બાપુએ આર્શિવચન પાઠવતા જણાવેલ કે સૌ પ્રથમ ત્રણ વસ્તુ કરીએ તો બહુ મોટો પ્રયાગ રચાય. પૂ.મોરારિબાપુએ કહ્યું કે ત્રણ વસ્તુ મારે કહેવી છે કે આપણે આ ત્રણ વસ્તુ કરીએ તો બહું મોટો પ્રયાગ રચાય, સમાજને પ્રયાગની બહું જરૂર છે અને ત્રણ વસ્તુ છે, સ્વની શોધ આપણે આપણી ખોજ કરીએ, આપણે કયાં છીએ, આપણે શું છીએ, સમાજ આપણને જે રીતે જોવે છે એને આપણે ન્યાય આપી શકીએ છીએ. એના માટે આપણે બરાબર છીએ, એટલે પોતાની શોધ અને સૌની સેવા કોઈપણ ભેદભાવ વગર સ્વની શોધ સૌની સેવા અને સૌનો એક માલિક છે પરમાત્મા. મહુવાના અજાતશત્રુ અને સાધુ તરીકે એવા ન.ના.મહેતાની ચેતનાને એમના એક વિદ્યાર્થી તરીકે હું સૌપ્રથમ પ્રણામ કરૂં છું. ત્યાર પછી હરકિશનભાઈ મહેતા જેમના નામની સાથે આ વ્યાખ્યાનમાળા પ્રતિવર્ષ યોજાય છે અને જૂદા જૂદા વકતાઓ વિચારો અને વિચારો પ્રમાણેની શ્વેતવૃતિ લઈને આવે છે એ જેના નામ સાથે આ વસ્તુ જોડાયેલી છે એ હરિકશનભાઈ લ. મહેતાની ચેતનાને પણ નમન કરૂં છું. સદ્ભાગ્ય વ્યકિતગત રીતે આજે એ બહું જ પ્રસન્ન છું. એનું કારણ છે કે કેરળ રાજયના ગવર્નર આરીફ મહમદ ખાન અહી પધાર્યા છે. તેમ પ્રણવ પંડયા અમરેલીની યાદી જણાવે છે.

### સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે

# નાણામંત્રી નિર્મલા સીતારમણ કાલે રજૂ કરશે વચગાળાનું બજેટ

## લોકસભાની ચૂંટણી નજીક હોવાથી નાગરિકોને રાહત મળવાની આશા છે, ૯ ફેબ્રુઆરી સુધી ચાલનારુ સત્ર તોફાની બની શકે છે, વિપક્ષ વિવિધ મુદ્દાઓ પર સરકારને ઘેરી શકે છે

નવી દિલ્હી, તા.૩૧

આજથી સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. આ સત્ર બે રીતે ખાસ છે - પ્રથમ આ સત્રમાં દેશના નાણામંત્રી વચગાળાનું બજેટ રજૂ કરશે. જ્યારે આ સત્ર મોદી સરકારના બીજા કાર્યકાળનું છેલ્લું બજેટ છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ ગૃહમાં વચગાળાનું બજેટ રજૂ કરશે. લોકસભાની ચૂંટણી નજીક હોવાથી નાગરિકોને રાહત મળવાની આશા છે. ૯ ફેબ્રુઆરી સુધી ચાલનારુ સત્ર તોફાની બની શકે છે. વિપક્ષ વિવિધ મુદ્દાઓ પર સરકારને ઘેરી શકે છે. સંસદમાં બજેટ સત્ર પહેલા મંગળવારે તમામ પક્ષોના નેતાઓ સાથે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી. બેઠક માટે કેન્દ્ર દ્વારા તમામ પક્ષોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ બંને ગૃહોના તમામ પક્ષોના નેતાઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠક સંસદના પુસ્તકાલયમાં યોજાઈ હતી. બેઠક શરૂ થાય તે પહેલાં TMC સાંસદો સુદીપ બંદોપાધ્યાય અને સુખેન્દુ શેખર રે કેન્દ્રીય પ્રધાનો પ્રહલાદ જોશી અને અર્જુન રામ મેઘવાલને મળ્યા હતા. તેમના સિવાય આ બેઠકમાં MDMK સાંસદ વાઈકોએ હાજરી આપી હતી. બજેટ સત્ર ૧ ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના સંબોધન સાથે શરૂ થશે અને આ સત્ર ૯ ફેબ્રુઆરીએ સમાપ્ત થશે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૧૨ હેઠળ સરકાર દરેક નાણાકીય વર્ષની શરૂઆત પહેલા સંસદમાં કેન્દ્રીય બજેટ રજૂ કરે છે. બજેટ એ નાણાકીય વર્ષમાં સરકારની આવક અને ખર્ચ સાથે સંબંધિત દસ્તાવેજ છે. આ નાણાકીય વર્ષ દર વર્ષે ૧ એપ્રિલથી શરૂ થાય છે અને આવતા વર્ષની ૩૧ માર્ચે સમાપ્ત થાય છે. આ વર્ષે સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે, તેથી આ વખતે તે વચગાળાનું બજેટ હશે. આ વખતે સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ બજેટ નવી સરકાર આવે ત્યાં સુધી માત્ર સરકારી ખર્ચને પહોંચી વળવા માટે જ હશે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫નું સંપૂર્ણ બજેટ સામાન્ય ચૂંટણી પછી ચૂંટાયેલી નવી સરકાર દ્વારા જૂલાઈમાં રજૂ કરવામાં આવશે.

### મસ્જિદની નીચે આવેલું ભોંયરું ૧૯૯૩થી બંધ હતું

# જ્ઞાનવાપી મસ્જિદના વ્યાસજીના ભોંયરામાં હિંદુઓ પૂજા કરી શકશે

## હિન્દુ પક્ષો કોર્ટના નિર્ણયથી મોટી જીત થઈ હોવાનું કહ્યું છે અને ૩૦ વર્ષ બાદ ન્યાય મળ્યો હોવાનો દાવો કર્યો : ૭ દિવસમાં વ્યવસ્થા કરવાનો આદેશ

વારાણસી, તા.૩૧

જ્ઞાનવાપી કેસમાં હિંદુ પક્ષને મોટી સફળતા મળી છે. વારાણસી કોર્ટે હિંદુ પક્ષને વ્યાસજીના ભોંયરામાં પૂજા કરવાનો અધિકાર આપ્યો છે. કોર્ટે વ્યાજ પરિવારને પૂજા કરવાનો અધિકાર આપ્યો છે.

આ ઉપરાંત સાત દિવસમાં વ્યવસ્થા કરવાનો પણ આદેશ અપાયો છે. આ ભોંયરું મસ્જિદની નીચે આવેલું છે અને તે ૧૯૯૩થી બંધ છે.

વારાણસી કોર્ટના નિર્ણય બાદ હવે વ્યાસજીના ભોંયરામાં નિયમિત પૂજા-અર્ચના થશે. કાશી વિશ્વનાથ ટ્રસ્ટ બોર્ડ દ્વારા પૂજા-અર્ચના થશે. હિન્દુ પક્ષો કોર્ટના નિર્ણયથી મોટી જીત થઈ હોવાનું કહ્યું છે અને ૩૦ વર્ષ બાદ ન્યાય મળ્યો હોવાનો દાવો કર્યો છે. ત્યાં નવેમ્બર-૧૯૯૩ સુધી પૂજા-અર્ચના કરાઈ હતી.

શૈલેન્દ્ર કુમાર પાઠકે વારાણસીના જ્ઞાનવાપી પરિસરમાં આવેલ વ્યાસજીના ભોંયરામાં પૂજા-પાઠ કરવાનો અધિકાર આપવાની માંગ કરતી અરજી કરી હતી, જેના પર ગઈકાલે સુનાવણી હાથ ધરાયા બાદ જિલ્લા ન્યાયાધીશે આદેશને સુરક્ષિત રાખી લીધો હતો અને આજે નિર્ણય સંભળાવ્યો હતો.

આ અરજીમાં હિંદુ પક્ષનો દાવો છે કે, નવેમ્બર ૧૯૯૩માં તે વખતની રાજ્ય સરકારે વ્યાસજીના ભોંયરામાં પૂજા-અર્ચના અટકાવી દીધી હતી, જેને પુનઃ શરૂ કરવાનો અધિકાર આપવામાં આવે. બીજી તરફ મુસ્લિમ પક્ષે પ્લેસ ઑફ વર્શિપ એક્ટનો ઉલ્લેખ કરી અરજીને રદ કરવાની માંગ કરી હતી. જોકે કોર્ટે મુસ્લિમ પક્ષની અરજીનો અસ્વિકાર કર્યો છે અને હિન્દુ પક્ષને જ્ઞાનવાપીના વ્યાસજી ભોંયરામાં પૂજા-અર્ચના કરવાનો અધિકાર આપ્યો છે.

### કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા પર હુમલો

# પ. બંગાળમાં રાહુલ ગાંધીની કાર પર પથ્થરમારો, કારના કાંચ તૂટ્યા

## અરાજકતાવાદી તત્વોએ હુમલો કર્યો : આ અરાજક તત્વોને શાસક પક્ષ સાથે કથિત સંબંધો હોવાનું કહેવાય છે

કોલકાતા, તા.૩૧

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના કાફલા પર પશ્ચિમ બંગાળના માલદામાં હુમલો થતા ચકચાર મચી ગઈ છે. આ હુમલો તેમની કાર પર આજે થયો હતો. ઘટના દરમિયાન વાહનના કાચ તૂટી ગયા હોવાનું જાણવા મળ્યું છે. પથ્થર ફેંક્યા પછી કોઈને ઈજા થઈ હતી કે નહીં, હાલમાં આ વિશે કોઈ માહિતી નથી, પરંતુ આ હુમલો એવા સમયે થયો છે જ્યારે ભારત જોડો ન્યાય યાત્રા બંગાળ પહોંચી હતી. એક સમાચાર ચેનલ દ્વારા મળેલી માહિતી મુજબ રાહુલ ગાંધીના કાફલાને પશ્ચિમ બંગાળના માલદામાં નિશાન બનાવવામાં આવ્યું હતું. સૂત્રો મુજબ કેટલાક અરાજકતાવાદી તત્વોએ આ હુમલો કર્યો હતો અને આ અરાજકતાવાદી તત્વોને શાસક પક્ષ સાથે કથિત સંબંધો હોવાનું કહેવાય છે. જો કે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.



મળેલા અહેવાલો મુજબ ન્યાય યાત્રા નિહાળવા માલદા જિલ્લાના લભા પુલ પાસે હજારોની ભીડ એકઠી થઈ હતી. રાહુલ ગાંધી બસમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. તેમના કાફલાના વાહન પરના હુમલામાં, કારની પાછળની વિન્ડશિલ્ડ તૂટી ગઈ હતી. કોંગ્રેસના નેતાઓએ તેને સુરક્ષાની મોટી ખામી ગણાવી છે. કોંગ્રેસના એક વરિષ્ઠ નેતાએ જણાવ્યું હતું કે, "માલદામાં સીએમ મમતા બેનર્જીની આજની રેલીમાં તમામ પોલીસકર્મીઓ વ્યસ્ત છે. માત્ર થોડા પોલીસકર્મીઓને આ સમારંભમાં માટે તહેનાત કરવામાં આવ્યા છે." બિહારમાં કટિહારથી આગળ વધતા આજે સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે રાહુલ ગાંધીના નેતૃત્ત્વવાળી ન્યાય યાત્રા માલદા થઈને પશ્ચિમ બંગાળમાં પ્રવેશી હતી. રાહુલ ગાંધી આ દરમિયાન કારની છત પર બેઠા હતા, જે શહેરના મુખ્ય માર્ગો પરથી ધીમે ધીમે પસાર થઈ રહી હતી.

રાહુલ ગાંધીના નેતૃત્વમાં ‘ભારત જોડો ન્યાય યાત્રા’ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ મણિપુરથી શરૂ થઈ હતી. યાત્રા દરમિયાન ૬,૭૧૩ કિમીનું અંતર ૬૭ દિવસમાં કાપવામાં આવશે જે ૧૫ રાજ્યોના ૧૧૦ જિલ્લામાંથી પસાર થશે અને ૨૦ માર્ચે મુંબઈમાં સમાપ્ત થશે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા કોંગ્રેસ પાર્ટી માટે આ પ્રવાસને માસ્ટરસ્ટ્રોક માનવામાં આવી રહ્યો છે.

### સરકાર દ્વારા આધાર કાર્ડ પર સસ્તા વ્યાજ દરે લોન

# મોબાઈલ પર આવતા સસ્તી લોનના મેસેજ તદ્દન ખોટા

## સરકાર તરફથી આધારકાર્ડ પર લોન આપવાની કોઈ સ્કીમ ચલાવવામાં આવતી ન હોવાની સ્પષ્ટતા કરાઈ

નવી દિલ્હી, તા.૩૧

તમારા ફોનમાં કોઈ આ પ્રકારનો મેસેજ આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે, સરકારની એક નવી સ્કીમ હેઠળ સસ્તામાં લોન આપવામાં આવી રહી છે. આ મેસેજમાં એવું કહેવામાં આવ્યું છે કે, તમે માત્ર આધાર કાર્ડનો ઉપયોગ કરીને લોન લઈ શકો છો.

પ્રધાનમંત્રી યોજના આધારકાર્ડ લોન ૨% વ્યાજ, ૫૦% ટકા માફ, કોલ ૮૫૯૫૩૧૧૯૫૫નો મેસેજ આવે છે. પીઆઈબી ફેક્ટ ચેક દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહેવામાં આવ્યું છે કે, લોન વિશે જે મેસેજ ફરી રહ્યો છે તે બિલકુલ ખોટો છે. સરકાર તરફથી આધારકાર્ડ પર લોન આપવાની કોઈ સ્કીમ ચલાવવામાં આવતી નથી. પોસ્ટમાં જે લખેલું છે તે એક ફેક મેસેજ છે. જેમા સરકારની સ્કીમ હેઠળ આધાર કાર્ડ દ્વારા વાર્ષિક માત્ર ૨ ટકાના દરે લોન આપવામાં આવશે. આવા ફેક મેસેજોને આગળ ફોરવર્ડ ન કરશો. આ તમારી પ્રસનલ માહિતી મેળવીને ઠગો તમારી સાથે કોઈ છેતરપિંડી કરી શકે છે. એટલે સાવધાન રહો અને આવા કોઈ પણ મેસેજ આવે તો પહેલા બરોબર ચેક કરો.

પીઆઈબી ફેક્ટ ચેકમાં ચેતવણી આપવામાં આવી છે કે, જે લોકોને આ પ્રકારનો મેસેજ મળી રહ્યો છે તે એક ફેક છે. સરકાર તરફથી આવી કોઈ યોજના ચલાવવામાં આવતી નથી. એટલે નાગરિકોને સલાહ આપવામાં આવે છે કે, આવા ફેક મેસેજને આગળ ન મોકલો.

આ મેસેજ મોકલનાર ઠગ હોઈ શકે છે, જે તમારી પ્રસનલ માહિતી ચોરવા માંગે છે, જેમ કે તમારુ નામ, પૈસાની જાણકારી, અથવા પાન નંબર વગેરે. આનાથી તે તમારા બેંક ખાતામાંથી પૈસા પણ ચોરી શકે છે.

### પ્રેમાનંદજી મહારાજે કર્યો ખુલાસો

# પ્રાણ પ્રતિષ્ઠા બાદ બદલાઈ ગઈ રામલલ્લાની મૂર્તિ ?

## મથુરા-વૃંદાવનના પ્રેમાનંદ મહારાજ જી તેમના ઉપદેશોમાં શ્રી કૃષ્ણના મહિમા અને સ્વરૂપનું વર્ણન કરે છે

નવી દિલ્હી, તા.૩૧

લાખો ભક્તો પ્રેમાનંદ મહારાજના ઉપદેશ અને પ્રવચનો ખૂબ જ ઉત્સાહથી સાંભળે છે. મથુરા-વૃંદાવનના પ્રેમાનંદ મહારાજ જી તેમના ઉપદેશોમાં શ્રી કૃષ્ણના મહિમા અને સ્વરૂપનું વર્ણન કરે છે. પરંતુ હાલમાં જ એક ભક્તે તેમને શ્રી રામલલ્લા સંબંધિત પ્રશ્ન પૂછ્યો. જેનો જવાબ પ્રેમાનંદજીએ ખુબ સારી રીતે આપ્યો. પ્રેમાનંદ મહારાજના પ્રવચનો અને તેમની વાતોને આખો દેશ સાંભળે છે. એમના પ્રવચનો એટલા પ્રભાવશાળી છે કે ક્રિકેટર વિરાટ કોહલી અને એક્ટ્રેસ અનુષ્કા શર્મા પણ એમના આશીર્વાદ લેવા પહોંચે છે.



પ્રેમાનંદ મહારાજ આમ તો શ્રી કૃષ્ણની મહિમા અને એમના સ્વરૂપના પ્રવચનોનું વર્ણન કરે છે. પરંતુ હાલમાં જ એક ભક્તોએ શ્રી રામલલ્લા સાથે જોડાયેલો સવાલ પૂછ્યો. ભક્તે પૂછ્યું, પ્રાણ પ્રતિષ્ઠા બાદ આખરે શા માટે બદલાઈ ગઈ રામલલ્લાની મૂર્તિ. આ સવાલના જવાબમાં પ્રેમાનંદ મહારાજે સટીક વર્ણન આપતા આ અંગે એક ખુલાસો કર્યો કે આવું શા માટે થયું. આ દિવસોમાં પ્રેમાનંદ જી મહારાજનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં અયોધ્યાના એક ભક્ત તેમને સવાલ પૂછી રહ્યા છે. અયોધ્યાથી આવેલા આ ભક્તે પૂછ્યું, ‘પ્રાણ પ્રતિષ્ઠા પછી સ્થાપિત શ્રી રામજીની મૂર્તિ દિવ્ય અને જીવંત બની ગઈ. આ જીવંતતાનું કારણ શું છે?’ આ પ્રશ્નના જવાબમાં પ્રેમાનંદજી મહારાજે જવાબ આપ્યો, ‘આપણા શાસ્ત્રો અને આપણા મંત્રોમાં મોટી શક્તિ છે. શ્રીવિગ્રહમાં, વેદ અને મંત્રોની મદદથી ભગવાનનું આહ્વાન કરવામાં આવે છે.’ તેઓ આગળ કહે છે, ’ જે મંત્રવેત્તા, જે ત્રિકાલ સંધ્યા કરે છે, બ્રાહ્મણવાદથી રંગાયેલા છે, જ્યારે બ્રહ્મ ઋષિ તેમનું મંત્રોથી આહ્વાન કરે છે, ત્યારે ભગવાન જે સ્વરૂપોમાં હાજર છે, તેઓ ત્યાં પ્રગટ થઈ જાય છે. પ્રેમાનંદ મહારાજ આગળ કહે છે, ‘મંત્રોમાં મોટી શક્તિ છે અને બીજી લાગણી છે. લાગણીઓમાં મોટી શક્તિ છે, મહાપુરુષોના ભાવ જ્યાં ઈચ્છે, ત્યાં ભગવાન ઉભા કરી શકે છે. એક-બે ભક્તોની નહીં પણ અસંખ્ય ભક્તોની લાગણીઓ મંત્રો સાથે જોડાયેલી છે. આવી સ્થિતિમાં, મંત્રવેત્તાઓનું આહવાન અને ભક્તોની લાગણીમાં એટલી શક્તિ છે, તે ખરેખર ભગવાનનું ઘર છે, ભગવાન પહેલાથી જ ત્યાં હતા, તેઓ પ્રગટ થયા. એવા મંત્રોના જાપ કરનારા છે જે ચમત્કાર કરી શકે છે, જુઓ ચમત્કાર થયો ને. ભગવાન દેખાયા. સૌથી પહેલા તો વિગ્રહમાં મૂર્તિ છે અને પ્રાણ પ્રતિષ્ઠા પછી શું છે તે જુઓ, તમને સ્પષ્ટપણે ફરક દેખાશે. ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા બાદ શ્રી રામલલ્લાને બિરાજમાન કરવામાં આવ્યા છે. આવી સ્થિતિમાં, ઘણા ભક્તોએ સોશિયલ મીડિયા પર પણ કહ્યું હતું કે, પ્રાણ પ્રતિષ્ઠા પછી શ્રી રામની મૂર્તિ ખૂબ જ અલૌકિક દેખાઈ રહી હતી.

### કેન્દ્રીય નાણાંપ્રધાન આજે બજેટ રજૂ કરશે

# બજેટ પહેલાં સરકારની ભેટ, મોબાઈલના ભાવમાં ઘટાડો થશે

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્રીય નાણામંત્રી આવતીકાલે બજેટ રજૂ કરશે. આ વખતે કેન્દ્રીય બજેટ રજૂ કરવામાં આવશે નહીં. બજેટની રજૂઆત પહેલા સરકારે મોબાઈલ મેન્યુફેક્ચરિંગને લઈને નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ નોટિફિકેશન મુજબ મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં વપરાતા પાર્ટ્સ પર ઈમ્પોર્ટ ડ્યૂટીમાં ૧૦% છૂટ આપવામાં આવી છે. ભારતમાંથી નિકાસ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે સરકારે આ પગલું ભર્યું છે. આવી સ્થિતિમાં એવું માનવામાં આવે છે કે બજેટ પછી ફોનની કિંમતોમાં ઘટાડો આવી શકે છે. સરકાર દ્વારા જારી કરાયેલા નવા નોટિફિકેશન મુજબ તેમાં બેટરી કવર, મેઈન લેન્સ, બેક કવર અને પ્લાસ્ટિક અને મેટલથી બનેલા મોબાઈલ પાર્ટ્સનો સમાવેશ થાય છે. આ નિર્ણય આ મહિનાની શરૂઆતમાં તાજેતરના અહેવાલોને અનુરૂપ છે. આ અહેવાલો અનુસાર સરકાર એવા મોબાઈલ પાર્ટ્સ પરની ઈમ્પોર્ટ ડ્યૂટી ઘટાડવાનું વિચારી રહી છે જે હાઈ-એન્ડ મોબાઈલ ફોનના ઉત્પાદનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ કાપની અસર મોબાઈલ ફોન ઈન્ડસ્ટ્રી પર જોવા મળશે.

### સંસદના બજેટ સત્ર પહેલા મોદીનું નિવેદન

# અમુક લોકોનો સ્વભાવ હોબાળો કરવાનો જ થઇ ગયો છે : મોદી

## જેણે ગૃહમાં ઉત્તમ વિચારો રજૂ કર્યા હશે તેમને એક મોટાભાગના લોકો યાદ કરે છે : વડાપ્રધાન મોદી

નવી દિલ્હી, તા.૩૧

સંસદનું આજે બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે ત્યારે આર્થિક સર્વેક્ષણ રિપોર્ટ પણ રજૂ કરવાની તૈયારી છે. તેના પર ગૃહમાં ચર્ચા કરાશે. આ દરમિયાન પીએમ મોદીએ સત્રની શરૂઆત પહેલાં પત્રકારો સાથેની વાતચીતમાં સંસદની બહાર કહ્યું હતું કે, પીએમ મોદીએ પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે હું આશા રાખું છું કે આ વર્ષે જેને જે રસ્તો દેખાયો એ જ રીતે સંસદમાં બધાએ પોત-પોતાની રીતે કામ કર્યું. હું એટલું જરૂરી કહીશ કે અમુક લોકોનો સ્વભાવ હોબાળો કરવાનો જ થઈ ગયો છે જે લોકશાહી મૂલ્યોના ચીરહરણમાં જ માને છે. આવા તમામ માનનીય સાંસદો આજે છેલ્લા સત્રમાં જરૂર આત્મનિરિક્ષણ કરશે કે ૧૦ વર્ષમાં તેમણે શું કર્યું.



પીએમ મોદીએ કહ્યું કે સંસદની આ નવી ઈમારતમાં આયોજિત પ્રથમ સત્રના અંતે એક સાંસદે ખૂબ જ ગૌરવપૂર્ણ નિર્ણય લીધો અને તે નિર્ણય હતો નારીશક્તિ વંદન કાયદો. તે પછી ૨૬ જાન્યુઆરીએ આપણે જોયું કે કેવી રીતે નારી શક્તિના સામર્થ્યને, શૌર્યને, સંકલ્પને અનુભવ્યો અને આજે બજેટ સત્ર પણ શરૂ થઈ રહ્યો છે. જ્યારે રાષ્ટ્રપતિ દ્રોપદી મૂર્મુનું માર્ગદર્શન તથા આવતીકાલે નિર્મલા સીતારમણ દ્વારા વચગાળાનું બજેટ એક રીતે નારીશક્તિના સાક્ષાત્કારનો પર્વ છે.

પીએમ મોદીએ કહ્યું કે, બજેટ સત્ર એ સાંસદો માટે પસ્તાવાનો અવસર છે. આ એક સારી છાપ છોડવાની તક છે. આજે આ તક જવા ના દેતા. દેશહિતમાં ગૃહને તમારા વિચારોનો લાભ આપજો. દેશને ઉત્સાહ અને ઉમંગથી ભરી દો. હું માનું છું કે ચૂંટણીનો સમય નજીક છે ત્યારે સંપૂર્ણ બજેટ રજૂ કરાતું નથી.

આ વખતે અમે પણ નવી સરકાર બન્યા પછી સંપૂર્ણ બજેટ લાવીશું. આ વખતે માર્ગદર્શન લેતા નાણામંત્રી આવતીકાલે દેશનું બજેટ આપણા બધાની સામે રજૂ કરવા જઈ રહ્યાં છે. પીએમ મોદીએ કહ્યું કે વિરોધના સ્વર ભલે ગમે તેટલા તીખા હોય પણ જેણે ગૃહમાં ઉત્તમ વિચારો રજૂ કર્યા હશે તેમને એક મોટાભાગના લોકો યાદ કરે છે. આવનારા દિવસોમાં પણ જ્યારે ગૃહમાં ચર્ચાને કોઈ જોશે તો એક શબ્દ ઈતિહાસની તારીખ બની તેમની સામે આવશે. એટલા માટે જ જેમણે વિરોધ કર્યો હશે, બુદ્ધિની પ્રતિભા બતાવી હશે, અમારી સામે તીખી પ્રતિક્રિયા આપી હશે તેમને લોકો યાદ કરશે. પરંતુ જે લોકોએ ફક્ત નેગેટિવિટી બતાવી હશે કે પછી હોબાળો કર્યો હશે તેમને કદાચ જ કોઈ યાદ કરશે.

### બેઠક વહેંચણી મુદ્દે વિપક્ષી ગઠબંધનનું કોકડું ગુંચવાયું

# બેઠક વહેંચણી મામલે એક તરફી નિર્ણય ન લઈ શકાય : જયરામ રમેશ

કટિહાર, તા.૩૧

ઈન્ડિયાગઠબંધનમાં સીટ વહેંચણીનું કોકડુ હજુ પણ વણઉકેલાયેલું જ છે. સીટ વહેંચણીના ફસાયેલા પેચ માટે કોઈ સુખદ સમાધાન નથી આવ્યું. ત્યારે હવે ગઠબંધનમાં સીટ વહેંચણી પર ચાલુ થયેલા રાજકીય ઘમાસાણ પર કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે પ્રતિક્રિયા આપી છે. તેમણે ગઠબંધનમાં સામેલ પક્ષોને ચેતવણી આપતાં કહ્યું કે આ મુદ્દે બધાનો સમાન મત હોવો જોઈએ.

ગઠબંધનમાં સીટની વહેંચણી અંગે કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે કહ્યું કે, હજુ સુધી અમારા તરફથી કોઈ નિર્ણય લેવામાં નથી આવ્યો. ગઠબંધનમાં સામેલ તમામ સભ્યોનો સમાન મત હોવો જોઈએ. એકતરફી નિર્ણયો ન લઈ શકાય, ઈન્ડિયા ગઠબંધનમાં ત્રણ પાર્ટીઓ છે. જો આ ત્રણેય પાર્ટી અલગ-અલગ લડવા માંગતી હોય તો સત્તાવાર રીતે તેની ઘોષણા કરવી જોઈએ. કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે, સીટ વહેંચણી પર હજુ અમે વિચાર કરી રહ્યા છીએ કે, ઈન્ડિયાગઠબંધન પશ્ચિમ બંગાળમાં પણ એક સાથે લડશે કે નહીં.

### RBI એ કરી મોટી જાહેરાત

# સ્ટેન્ડઅલોન પ્રાથમિક ડીલરો માટે ૫૦૦૦ કરોડ પૂરા પાડવાનો નિર્ણય

## લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી એ નાણાકીય નીતિનો એક ભાગ છે જેની મદદથી સિસ્ટમમાં લિક્વિડિટી નિયંત્રિત થાય છે

નવી દિલ્હી, તા.૩૧

બેંકિંગ સિસ્ટમમાં તરલતાની સ્થિતિ સુધારવા માટે, રિઝર્વ બેંકે સ્ટેન્ડિંગ લિક્વિડિટી ફેસિલિટી હેઠળ સ્ટેન્ડઅલોન પ્રાથમિક ડીલરો માટે વધારાના રૂ. ૫૦૦૦ કરોડ પૂરા પાડવાનો નિર્ણય કર્યો છે.

રિઝર્વ બેંકના જણાવ્યા અનુસાર, આ રકમ વર્તમાન રેપો રેટ પર ૩૧ જાન્યુઆરીથી ઉપલબ્ધ થશે. સેન્ટ્રલ બેંકે તેની પ્રેસ રિલીઝમાં કહ્યું કે તેણે વર્તમાન રોકડની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ નિર્ણય લીધો છે. તાજેતરના દિવસોમાં, બેંકિંગ સિસ્ટમમાં લિક્વિડિટીને લઈને સમસ્યાઓ છે.

સેન્ટ્રલ બેંક આના નિરાકરણ માટે સતત પગલાં લઈ રહી છે. આજનો નિર્ણય પણ આવા પગલાંમાં સામેલ છે. બેંકિંગ સિસ્ટમમાં તરલતાની સ્થિતિ તંગ છે અને ખાધની સ્થિતિ યથાવત છે. કોઈપણ દિવસે, જો બેંકિંગ સિસ્ટમ લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી હેઠળ આરબીઆઈની ચોખ્ખી લોન લેનાર રહે છે, એટલે કે ફેસિલિટી દ્વારા એકત્ર કરાયેલા નાણાં ફેસિલિટીમાં જમા કરવામાં આવેલી થાપણો કરતાં વધુ હોય, તો તેને ખાધની સ્થિતિ કહેવામાં આવે છે.

આ સ્થિતિ ઘણા દિવસોથી સતત ચાલી રહી છે. લિક્વિડિટી એડજસ્ટમેન્ટ ફેસિલિટી એ નાણાકીય નીતિનો એક ભાગ છે જેની મદદથી સિસ્ટમમાં લિક્વિડિટી નિયંત્રિત થાય છે. રેપો રેટ અને રિવર્સ રેપો રેટ તેના બે ભાગ છે. જ્યારે જરૂરી હોય ત્યારે, બેંકો રેપો રેટ દ્વારા ભંડોળ એકત્ર કરે છે અને તેમના વધારાના ભંડોળ રિવર્સ રેપો રેટ દ્વારા જમા કરે છે.

આ સ્થિતિને પહોંચી વળવા માટે, સ્ટેન્ડિંગ લિક્વિડિટી ફેસિલિટી દ્વારા સિસ્ટમને વધારાના ભંડોળ પૂરું પાડવામાં આવી રહ્યું છે. સ્ટેન્ડિંગ લિક્વિડિટી ફેસિલિટી એ એક વિન્ડો છે જેના દ્વારા રિઝર્વ બેંક રેપો રેટ પર સ્ટેન્ડઅલોન પ્રાથમિક ડીલરોને લોન આપે છે. પ્રાથમિક ડીલરો રિઝર્વ બેંકમાં નોંધાયેલા છે અને તેઓ સરકારી સિક્યોરિટીઝ ખરીદવા અને વેચવા માટે અધિકૃત છે.

આમાં એકલ પ્રાથમિક ડીલરો અને બેંક પ્રાથમિક ડીલરોનો સમાવેશ થાય છે. સ્ટેન્ડઅલોન પ્રાઈમરી ડીલર્સમાં દ્રમ્હ્લઝ અને બેંકોની પેટાકંપનીઓનો સમાવેશ થાય છે. હવે નાણાકીય વર્ષના અંતમાં માત્ર બે મહિના બાકી છે અને સામાન્ય રીતે નાણાકીય વર્ષ પૂરા થતાંની સાથે જ બેંકિંગ સિસ્ટમમાં રોકડની સ્થિતિ પર દબાણ વધી જાય છે અને આવી સ્થિતિમાં માંગને પહોંચી વળવા વધારાની રોકડની જરૂર પડે છે. ગયા વર્ષે પણ રિઝર્વ બેંકે આવી જ રીતે વધારાના રૂ. ૫૦૦૦ કરોડ આપ્યા હતા.

### ગુજરાતમાં બદલીનો ઘાણવો યથાવત

# સચિવાલય સેવા વર્ગ-૧ના નાયબ સચિવ કક્ષાના અધિકારીઓની બદલી

### ગુજરાત વિકાસ સેવાના વર્ગ-૨ના અધિકારીની બદલી કરવામાં આવી છે
### ૨૫ તાલુકા વિકાસ અધિકારીની બદલીઓ કરવામાં આવી છે

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં બદલીનો દોર યથાવત છે ત્યારે સચિવાલય સેવા વર્ગ-૧ના નાયબ સચિવ કક્ષાના અધિકારીઓની બદલી થઈ છે.

૧૮ નાયબ સચિવ કક્ષાના અધિકારીઓ ની બદલીના આદેશ સામાન્ય વહીવટ વિભાગે કર્યા છે. તો બીજી બાજુ ગુજરાત વિકાસ સેવાના વર્ગ-૨ના અધિકારીની બદલી કરવામાં આવી છે. ૨૫ તાલુકા વિકાસ અધિકારીની બદલીઓ કરવામાં આવી છે.

લોકસભાની ચૂંટણી પહેલા ફરી બદલીનો દોર યથાવત રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ૧૮ નાયબ સચિવ કક્ષાના અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. તો બીજી બાજુ ગુજરાત વિકાસ સેવાના વર્ગ-૨ના અધિકારીની બદલી કરવામાં આવી છે. ૨૫ તાલુકા વિકાસ અધિકારીની બદલીઓ કરવામાં આવી છે.

તાલુકા વિકાસ અધિકારી સંવર્ગમાં અધિકારીઓની બદલી કરાઈ છે. તાત્કાલિક અસરથી વહીવટી હિતમાં બદલીના આદેશ અપાયા છે. ગુજરાતમાં ૨૫ તાલુકા વિકાસ અધિકારીઓની બદલી આ રીતે કરાઈ છે...

૧. મહેસાણાના જોટાણામાં TDO કલ્પનાબેન ભૂરીયા
૨. સુરેન્દ્રનગરમાં દસાડા-પાટડીના TDO જીગરભાઈ ચૌધરી
૩. અરવલ્લીમાં મેઘરજના TDO બેલાબેન પટેલ
૪. સુરેન્દ્રનગરમાં ચુડાના TDO દક્ષાબેન શાહ
૫. ગ્રામ વિકાસ કચેરીના ચીટનીશ અધિકારી એ.જી.પટેલ
૬. એમ.આઈ.પરમારની હાંસોટ TDO તરીકે બદલી
૭. એસ.કે.મનાતની ખેડામાં વસો TDO તરીકે બદલી
૮. પી.ટી.પાયઘોડેની દાંતીવાડા TDO તરીકે નિમણૂક
૯. ડાંગમાં આહવાના TDO તપન એચ.ત્રિવેદી બન્યા
૧૦. બનાસકાંઠાના ચીટનીશ કમ TDO ભૌમિક ચૌધરી
૧૧. કચ્છના ચીટનીશ કમ TDO ઝહુરહુસેન ઘોરી૧૨. દાહોદના TDO તરીકે દિપકભાઈ ચૌધરી
૧૩. ગળતેશ્વરના TDO તરીકે રાજેશકુમાર જોષી
૧૪. છોટા ઉદેપુરના TDO તરીકે પૂનમ ડામોરની બદલી
૧૫. પાટણના સાંતલપુર TDO તરીકે સોનુ શર્મા
૧૬. કચ્છમાં ભુજના TDO સંજયકુમાર ઉપલાણા
૧૭. પાટણના સમી TDO બન્યા યોગેશ ભાવસાર
૧૮. મૌલિકકુમાર શર્મા અમીરગઢના TDO બન્યા
૧૯. અલ્પના નાયર વ્યારાના TDO બન્યા
૨૦. ધ્રુવકુમાર પટેલ આમોદના TDO બન્યા
૨૧. એમ.બી.હાથીવાલા સુબીરના TDO બન્યા
૨૨. પાટણના ચીટનીશ કમ TDO ભાવનાબેન બી.રાણા
૨૩. સાબરકાંઠાના ચીટનીશ કમ TDO વિણાબેન આલ
૨૪. રોહિતકુમાર કલસરિયા બગસરાના TDO બન્યા
૨૫. મહેશકુમાર શિરોયા બાબરાના TDO બન્યા

---

### પોલીસ વિભાગમાં ક્લાસ ૩ પોસ્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે

# ગુજરાત સરકાર પોલીસ વિભાગમાં ૧૨ હજાર જગ્યાઓ ભરશે

### રાજ્ય સરકારે હાઇકોર્ટમાં સોગંદનામુ રજૂ કર્યું છે ટુંક સમયમાં વિવિધ પદોની ૧૨ હજાર જગ્યાઓ પર સરકાર ભરતી કરશે

અમદાવાદ, તા.૩૧

સરકાર ટુંક સમયમાં વિવિધ પદોની ૧૨ હજાર જગ્યાઓ પર સરકાર ભરતી કરશે. આ માટે સ્ટેન્ડિંગ કમિટીએ ૩૦ ઓકટોબરના રોજ ૧૨ હજારની ભરતીને મંજૂરી પણ આપી દીધી છે.

હવે સ્ટેન્ડિંગ કમિટીએ રાજ્યના ગૃહ વિભાગને નિર્ણય સોંપ્યો છે. પોલીસ વિભાગમાં ક્લાસ ૩ પોસ્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે. પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવા મામલે રાજ્ય સરકારે હાઈકોર્ટમાં સોગંદનામુ રજૂ કર્યું છે. ટુંક સમયમાં વિવિધ પદોની ૧૨ હજાર જગ્યાઓ પર સરકાર ભરતી કરશે.

આ માટે સ્ટેન્ડિંગ કમિટીએ ૩૦ ઓકટોબરના રોજ ૧૨ હજારની ભરતીને મંજૂરી પણ આપી દીધી છે. હવે સ્ટેન્ડિંગ કમિટીએ રાજ્યના ગૃહ વિભાગને નિર્ણય સોંપ્યો છે. પોલીસ વિભાગમાં ક્લાસ ૩ પોસ્ટ માટે સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂરી આપી છે. બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ૬૬૦૦, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ૫૦૦, જેલ સિપાહી (પુરુષ) ૬૮૭, જેલ સિપાહી (મહિલા) ૫૭ જગ્યાઓ પર ભરતી કરાશે. આ ઉપરાંત સ્ટેન્ડિંગ કમિટીએ ૨૦૨૨માં બિનહથિયારી PSIની ૩૨૫ જગ્યા પર મંજૂરી આપી હતી. ૩૨૫ જગ્યાઓમાંથી ચાલુ નાણાકીય વર્ષે ૨૭૩ બિન હથિયારી PSIની સરકાર ભરતી કરશે.

---

### RTIના નામે તોડબાજી કરનારા શખ્સો સાવધાન

# RTIના નામે તોડબાજી કરતાં શખ્સો સામે મુખ્યમંત્રીનું કડક વલણ

### શિક્ષણ વિભાગમાં આરટીઆઈ કરીને તોડબાજી કરતા મહેન્દ્ર પટેલની તાજેતરમાં કરાઈ છે ધરપકડ

ગાંધીનગર, તા.૩૧

RTI હેઠળ સામાન્ય નાગરિક સરકારના કોઈ પણ વિભાગ પાસેથી સામાન્ય ફોર્મ ભરીને માહિતી મેળવી શકે છે. RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ દ્વારા આરટીઆઈનો દુરઉપયોગ કરી ગાંધીનગરમાં શાળા સંચાકલોને બ્લેક મેઈલ કરી કરી પૈસા પડાવ્યા હોવાનું સામે આવતા આ મામલે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, તોડબાજી કરતા શખ્સો સામે મુખ્યમંત્રી દ્વારા કડક વલણ અપનાવ્યું છે. તમામ મંત્રીઓને મુખ્યમંત્રીએ સૂચના આપી હતી કે આવા લોકો સામે પોલીસ ફરિયાદ કરવી. તેમજ આરટીઆઈ એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ સામે કાર્યવાહીની સૂચનાઆપી હતી. મહેન્દ્ર પટેલ વિરૂદ્ધ ફરિયાદ નોંધાતા સીઆઈડી ક્રાઈમે મહેન્દ્ર પટેલના ઘરે દરોડા પાડ્યા હતા.જેમાં મહેન્દ્ર પટેલે ૧૮ શાળાનાં સંચાલકોને ધમકાવી કરોડો રૂપિયા પડાવ્યા હોવાનો ખુલાસો થયો હતો. મહેન્દ્ર પટેલની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તા. ૨ ફેબ્રુઆરી સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા. CID ક્રાઈમે દરોડા પાડીને ૧ કરોડથી વધુની રોકડ સહિત સોનાના દાગીના અને ૪૦૦ કરતા વધુ ફાઈલો મળી હતી. જે તમામ મુદ્દામાલને જપ્ત કરવામાં આવ્યો.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે મહેન્દ્ર પટેલને વર્ષ ૧૯૯૫માં શાળાઓમાં બાળફિલ્મો બતાવવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. જે બાદ તેના શિક્ષણખાતામાં સંપર્કો વધતા તેનો દૂરપયોગ શરૂ કર્યો હતો. જો કે, આરોપી મહેન્દ્ર પટેલની ધરપકડ કરીને CID ક્રાઈમે રિમાન્ડ માટે કોર્ટ સમક્ષ હાજર કર્યો. જેમાં ૨ તારીખ સાંજે ૫ વાગ્યા સુધીના રિમાન્ડ મંજૂર કરાયા છે.

ગાંધીનગરમાંથી RTI એક્ટિવિસ્ટ મહેન્દ્ર પટેલ સામે ફરિયાદને લઈ જય અંબે વિદ્યાભવનના ટ્રસ્ટી પ્રવિણ ગજેરાએ પ્રતિક્રિયા આપી હતી. માહિતી આપતા કહ્યું કે, ૨૦૧૨થી ૨૦૧૭ સુધી અનેક શાળાઓને મહેન્દ્ર પટેલે નિશાન બનાવી. સાથે જ કહ્યું કે, થોડા થોડા કરીને મારી પાસેથી પણ ૬૬ લાખ રૂપિયા લીધા. જો કે, શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાને રજૂઆત કરવામાં આવી. જેના લીધે મદદ મળી.. મહેન્દ્ર પટેલના ષડયંત્રોનો ખુલાસો કરતા પ્રવિણ ગજેરાએ કહ્યું કે, મહેન્દ્ર નવી શાળાની મંજૂરી લઈ આપવાની સંચાલકોને ઓફર કરતો હતો. ત્યાર બાદ તમામ દસ્તાવેજો લઈ કોઈને કોઈ બહાને કામ અટકાવી પૈસા માગતો હતો. રાજ્યમાં સંખ્યાબંધ શાળાના સંચાલકો આ છેતરપિંડીમાં સપડાયા છે.

---

### અમદાવાદ એરપોર્ટ પર બોમ્બ હોવાની અફવા

# અમદાવાદ એરપોર્ટ પર બોક્સમાં બોમ્બ હોવાની અફવા ફેલાવનાર શખ્સની અટકાયત

અમદાવાદ, તા.૩૧

અમદાવાદ શહેરના એરપોર્ટ પર એક શખ્સે બોક્સમાં બોમ્બ હોવાની અફવા ફેલાવી હતી. આ વ્યક્તિએ CISFને પૂછપરછમાં બોક્સમાં બોમ્બ હોવાનું કહ્યું હતુ. જે બાદ આ વ્યક્તિની એરપોર્ટ પરથી જ અટકાયત કરી લેવામાં આવી છે. સીઆઈએસએફ દ્વારા બોમ્બ સ્કવોડે બોક્સની તપાસ કરી હતી. જોકે, તેમાંથી કાંઈ પણ શંકાસ્પદ વસ્તુઓ મળી ન હતી.અમદાવાદ એરપોર્ટ પરથી બોમ્બની અફવા ફેલાવનાર શખ્સની અટકાયત કરી લીધી હતી. આ અંગે મળતી માહિતી પ્રમાણે, અમદાવાદ એરપોર્ટ પરથી શાહઝેબ ઈરફાન અહમદ નામના વ્યક્તિની અટકાયત કરવામાં આવી છે. આ વ્યક્તિ ઉત્તર પ્રદેશના અમરાહાનો રહેવાસી હોવાનું સામે આવ્યુ છે. શાહઝેબ ઈરફાન વહેલી સવારે અમદાવાદ એરપોર્ટ પરથી દિલ્હી જઈ રહ્યો હતો. આ દરમિયાન સુરક્ષાકર્મીઓ તેના સામાની તપાસ કરી રહ્યા હતા. તપાસમાં સુરક્ષાકર્મીઓએ તેની પાસે રહેલા થર્મોકોલ બોક્સમાં છે તે અંગે પૂછ્યુ હતુ. તેને આ બોક્સમાં રાખેલા સામાન અંગે પુછવામાં આવતા ગુસ્સા સાથે બોક્સમાં બોમ્બ હોવાનું જણાવ્યુ હતુ. જે બાદ ને સુરક્ષાકર્મીઓ સહિતની પોલીસ ટીમ એલર્ટ મોડ પર આવી ગઈ હતી. જે બાદ ને CISFને બોલાવીને બોમ્બની તપાસ શરૂ કરવામાં આવી હતી. બોક્સની સાથે તે વ્યક્તિની પણ સઘન તપાસ કરવામાં આવી હતી. થોડા દિવસ પહેલા પણ અમદાવાદ એરપોર્ટ પર જ આવી ઘટના બની હતી. ફ્લાઈટ અમદાવાદથી વાયા દિલ્હી થઈ ચંદીગઢ જઈ રહી હતી. ત્યારે ટિકિટના વિવાદને લઈને પેસેન્જરે બોમ્બ હોવાનો કોલ કર્યો હતો. ત્યારે બોમ્બ સ્કોવોડે ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી હતી. આ ઘટનાને પગલે તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી કાર્યવાહી કરતા જાણ થઈ હતી કે, ફલાઈટ રોકાવવા માટે કોઈ વ્યક્તિએ ફોન કરીને અફવા ફેલાવી હતી. ત્યારે પોલીસે ફોન કરનારા વ્યક્તિને ઝડપી પાડ્યો હતો અને તેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો.

---

### રાજ્યના જર્જરિત બ્રિજ મામલે મોટા સમાચાર

# રાજ્યના કુલ ૪૦ બ્રિજને નાના સમારકામની અને ૨૩ બ્રિજને મોટા સમારકામની જરૂર

### બે હેરિટેજ બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ લગાવાયો છે તો એક હેરિટેજ બ્રિજનું સમારકામ પ્રગતિમાં છે

અમદાવાદ, તા.૩૧

આ હેરિટેજ બ્રિજ ૧૦૦ વર્ષથી વધુ જૂના છે. તો બે હેરિટેજ બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ લગાવાયો છે. તો એક હેરિટેજ બ્રિજનું સમારકામ પ્રગતિમાં છે. આ ઉપરાંત રાજ્યના કુલ ૪૦ બ્રિજને નાના સમારકામની અને ૨૩ બ્રિજને મોટા સમારકામની જરૂર છે. અમદાવાદના હેરિટેજ એલિસ બ્રિજના સમારકામ માટે પણ ટેન્ડર મંગાવાયા છે.રાજ્યના જર્જરિત બ્રિજ મામલે કોર્ટમાં સોગંદનામા સ્વરૂપે માહિતી રજૂ કરવામાં આવી હતી. કોર્ટમાં રજૂ કરાયેલ માહિતી મુજબ રાજ્યમાં કુલ ૮ હેરિટેજ બ્રિજમાંથી ૫ હેરિટેજ બ્રિજને બંધ કારાયા છે. આ હેરિટેજ બ્રિજ ૧૦૦ વર્ષથી વધુ જૂના છે. તો બે હેરિટેજ બ્રિજ પર ભારે વાહનો માટે પ્રતિબંધ લગાવાયો છે. તો એક હેરિટેજ બ્રિજનું સમારકામ પ્રગતિમાં છે.આ ઉપરાંત રાજયના કુલ ૪૦ બ્રિજને નાના સમારકામની અને ૨૩ બ્રિજને મોટા સમારકામની જરૂર છે. અમદાવાદના હેરિટેજ એલિસ બ્રિજના સમારકામ માટે પણ ટેન્ડર મંગાવાયા છે. તો બંધ પડેલા હાટકેશ્વર બ્રિજ મામલે બે વખત ટેન્ડર મંગાવવામાં આવ્યા પરંતુ કોઈએ રસ દાખવ્યો નહોતો.

વડોદરાના કમાટીબાગ બ્રિજને પણ બંધ કરાયો છે. કમાટીબાગ બ્રિજની બાજુમાં નવા ફુટ ઓવર બ્રિજની કામગીરી પ્રગતિમાં છે. રાજકોટના જામનગર રોડ પર આવેલા સાંઢીયા બ્રિજને તોડીને નવા બ્રિજની કામગીરી માટેની પ્રક્રિયા ચાલુ છે.

---

### જ્ઞાનવાપી પર એએસઆઈનો રિપોર્ટ જાહેર થયા બાદ વિવાદ

# જ્ઞાનવાપીમાં નમાઝ પર રોક, પૂજાપાઠ શરૂ કરવા સુપ્રીમમાં અપીલ

### હિન્દુ સંગઠન હિન્દુ સિંહ વાહિની સેનાએ સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસને પણ આ મામલે પત્ર લખ્યો

નવી દિલ્હી, તા.૩૧

વારાણસીમાં આવેલી જ્ઞાનવાપી મસ્જિદ અંગે આર્કિયોલોજિકલ સરવે ઓફ ઈન્ડિયા (એએસઆઈ) નો રિપોર્ટ જાહેર થયા બાદ હિન્દુ સંગઠનોએ ત્યાં નમાઝનો વિરોધ શરૂ કરી દીધો છે.

હિન્દુ સંગઠનોએ એક અરજી સાથે સુપ્રીમકોર્ટમાં અપીલ કરી હતી જેમાં જ્ઞાનવાપી મસ્જિદમાં નમાઝ પઢવા પર રોક લગાવવાની સાથે સાથે પૂજા પાઠ શરૂ કરાવવાની માગ કરી હતી. હિન્દુ સંગઠન હિન્દુ સિંહ વાહિની સેનાએ સુપ્રીમકોર્ટના ચીફ જસ્ટિસને પણ આ મામલે પત્ર લખ્યો હતો. તેમાં એએસઆઈ સરવેના રિપોર્ટનો હવાલો આપી કહ્યું હતું કે અમે માગ કરીએ છીએ કે કાશીમાં આવેલી જ્ઞાનવાપી મસ્જિદના પરિસરમાં નમાઝ પઢવા પર તાત્કાલિક ધોરણે રોક લગાવવામાં આવે. અરજીમાં વૈજ્ઞાનિક સરવેના રિપોર્ટને આધાર ગણાવતાં આ માગ કરાઈ હતી.

હિન્દુ સંગઠનના વકીલ વિનીત જિંદલે હિન્દુ સિંહ વાહિની સેનાના મહાસચિવ તરીકે ચીફ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડના નામે પત્ર લખ્યો હતો. તેમાં કહ્યું કે રિપોર્ટમાં સ્પષ્ટ કહેવાયું છે કે અહીં ભવ્ય હિન્દુ મંદિર હતો. તસવીર અને શિલાલેખ પણ તેની પુષ્ટી કરે છે. તે હિન્દુ મંદિર હોવા વિશે કોઈ શંકા નથી એટલા માટે ત્યાં થતી નમાઝ પર હવે ત્વરિત રોક લગાવવામાં આવે.

---

### ૨૫ કરોડ દેશવાસીઓ ગરીબીમાંથી બહાર નીકળ્યા

# રાષ્ટ્રપતિએ લોકસભા-રાજ્યસભાની સંયુક્ત બેઠકને કરેલું સંબોધન

### યુપીઆઈ અને ભારતની અર્થવ્યવસ્થાની સ્થિતિથી લઈને મહિલાઓની ભાગીદારી, પરીક્ષામાં ગડબડી, જેવા મુદ્દા ઉઠાવ્યા

નવી દિલ્હી, તા.૩૧

સંસદમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના અભિભાષણની સાથે આજે બજેટ સત્રની શરૂઆત થઈ છે. આ દરમિયાન તેમણે યુપીઆઈ અને ભારતની અર્થવ્યવસ્થાની સ્થિતિથી લઈને મહિલાઓની ભાગીદારી, પરીક્ષામાં ગડબડી, જેવા મુદ્દાઓ ઉઠાવ્યા. આ અગાઉ પીએમ મોદીએ 'રામ રામ' કહીને દેશને સંબોધન કર્યું હતું અને બબાલ કરનારા સાંસદોને સારું પ્રદર્શન કરવાની અપીલ કરી હતી.

રાષ્ટ્રપતિએ બજેટ સત્રના પહેલા દિવસે લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકને સંબોધન કર્યુ. તેમણે નવા સંસદ ભવનમાં પહેલું સંબોધન કરતા કહ્યું કે અહીં એક ભારત, શ્રેષ્ઠ ભારતની મહેક છે. તેમણે કહ્યું કે દુનિયાભરમાં ગંભીર સંકટો વચ્ચે ભારત સૌથી ઝડપથી વિક્સિત થઈ રહેલી અર્થવ્યવસ્થા છે. તેમણે કહ્યું કે ભારતને પહેલા પાંચ નબળી અર્થવ્યવસ્થાઓમાં સામેલ કરવામાં આવતું હતું જે હવે દુનિયાની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે.

રાષ્ટ્રપતિ મુર્મૂએ ગરીબી ખતમ કરવાના મોરચે હાલની મોદી સરકાર તરફ કરાયેલા કામોના વખાણ કર્યા. તેમણે કહ્યું કે આપણા બધા બાળપણથી ગરીબી હટાવોના નારા સાંભળતા આવ્યા છી પરંતુ હવે આપણે મોટા પાયે ગરીબીને દૂર થતી જોઈ રહ્યા છીએ. નીતિ આયોગ મુજબ મારી સરકારના એક દાયકાના કાર્યકાળમાં લગભગ ૨૫ કરોડ દેશવાસી ગરીબીમાંથી બહાર નીકળ્યા છે.

ભારતની ઈકોનોમી વિશે રાષ્ટ્રપતિએ કહ્યું કે ગત વર્ષ ભારત માટે ઐતિહાસિક ઉપલબ્ધિઓથી ભરેલું રહ્યું છે. ભારત સૌથી ઝડપથી વિક્સિત થતી મોટી અર્થવ્યવસ્થા બન્યું. સતત બે ત્રિમાસિકથી ભારતનો વિકાસ દર ૭.૫ ટકાથી વધુ રહ્યો છે. આ સાથે જ તેમણે ફાસ્ટ ટ્રેનો અને ભારતના સૌથી લાંબા સમુદ્રી પુલ નિર્માણ ઉપર વાત કરી. તેમણે કહ્યું કે ભારતને પોતાનો પહેલો મોટો સમુદ્રી પુલ અટલ સેતુ મળ્યો. ભારતને પોતાની પહેલી નમો ભારત ટ્રેન અને પહેલી અમૃત ભારત ટ્રેન મળી. ભારતની એરલાઈન કંપનીએ દુનિયાની સૌથી મોટી એરક્રાફ્ટ ડીલ કરી.

---

### ભારતીય બેંકિંગ ઉદ્યોગની ક્ષમતા વ્યાપક બનાવવાનું વિઝન

# આઇજીસીએમઆઇએલએ ગિફ્ટ સિટીમાં પ્રથમ ટ્રાન્ઝેક્શન હાથ ધર્યું

### ઇન્ડિયન ઓઇલની વિસ્તૃત મૂડી ખર્ચ યોજનાઓ માટે વિદેશી રોકાણોને આકર્ષિત કરવા માટે એક મંચ ઉપલબ્ધ બનાવશે

ગાંધીનગર, તા.૩૧

ઈન્ડિયન ઓઈલની સંપૂર્ણ માલિકીની પેટાકંપની આઈઓસી ગ્લોબલ કેપિટલ મેનેજમેન્ટ આઈએફએસસી લિમિટેડ (આઈજીસીએમઆઈએલ)એ આજે ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે પ્રથમ ટ્રાન્ઝેક્શન હાથ ધર્યું હતું.

ઈન્ડિયન ઓઈલની વર્તમાન ઈસીબી (બાહ્ય વાણિજ્યિક ઋણ) લોનના પુનઃધિરાણ માટે ડીબીએસ બેંક સિંગાપોર પાસેથી લોન લેવાના આ સોદાની ટર્મશીટ પર આઈજીસીએમઆઈએલના ડિરેક્ટર રુચિર અગ્રવાલ અને ડીબીએસ બેંકના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ વિકાસ ઓમ સહાય દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ સોદો આઈએફએસસી ગિફ્ટ સિટીનાં ભારતમાં વિદેશી મૂડી લાવવાનાં અને ભારતીય બેંકિંગ ઉદ્યોગની ક્ષમતા વ્યાપક બનાવવાના વિઝનને અનુરૂપ છે. આ મહત્વપૂર્ણ પ્રસંગે ગિફ્ટ સિટીના ચેરમેન ડો. હસમુખ અઢિયા, ઈન્ડિયન ઓઈલના ચેરમેન શ્રીકાંત માધવ વૈદ્ય, ઈન્ડિયન ઓઈલના ડિરેક્ટર (ફાઈનાન્સ) અનુજ જૈન, આઈજીસીએમઆઈએલના ચેરમેન સંજય કૌશલ અને કોર્પોરેટ ઓફિસના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર (ફાઈનાન્સ) અને ઈન્ડિયન ઓઈલના સિનિયર મેનેજમેન્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. આ સીમાચિહ્નરૂપ સિદ્ધિની પ્રશંસા કરતાં વૈદ્યએ જણાવ્યું હતું કે, "આઈજીસીએમઆઈએલ મારફતે અમારો ઉદ્દેશ અમારા વિદેશી રોકાણોમાં વધુ સુસંગતતા અને નિયંત્રણ લાવવાનો, અમારા નાણાકીય કાર્યોને શ્રેષ્ઠ બનાવવાનો અને અમારી વૈશ્વિક હાજરીને વ્યાપક બનાવવાનો છે. આઈજીસીએમ આઈએલ રિન્યુએબલ પ્રોજેક્ટ્સ સહિત ઈન્ડિયન ઓઈલની વિસ્તૃત મૂડી ખર્ચ યોજનાઓ માટે વિદેશી રોકાણોને આકર્ષિત કરવા માટે એક મંચ ઉપલબ્ધ બનાવશે.

આઈજીસીએમઆઈએલ દ્વારા શરૂ કરનારા એક સાહસ દ્વારા જહાજ સંપાદન, ધિરાણ અને લીઝિંગની કામગીરી કરાશે. આ ક્ષેત્રમાં સાહસ કરીને, અમે અમારી કંપનીને ભૂરાજકીય ગતિવિધિઓની અનિશ્ચિતતાથી બચાવવાનું લક્ષ્ય ધરાવીએ છીએ, જે લાંબા ગાળા માટે અમારી ઊર્જા સપ્લાય ચેઈનને સુરક્ષિત કરે છે."

---

### ડો. રેડ્ડીઝ લેબ્સના શેરમાં પાંચ ટકાનો ઉછાળો

# સેન્સેક્સમાં ૬૧૨, નિફ્ટીમાં ૨૦૩ પોઈન્ટનો ઊછાળો જોવાયો

મુંબઈ, તા.૩૧

બુધવારે શેરબજારનો કારોબાર ઉચ્ચ સ્તરે સમાપ્ત થયો હતો. બીએસઈસેન્સેક્સ ૬૧૨ પોઈન્ટના ઉછાળા સાથે ૭૧૭૫૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૦૩ પોઈન્ટના ઉછાળા સાથે ૨૧૭૨૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. બુધવારે શેરબજારમાં ડૉ. રેડ્ડીઝ લેબ્સના શેરમાં પાંચ ટકાનો ઉછાળો નોંધાયો હતો, જ્યારે આઈશર મોટર, સન ફાર્મા અને ટાટા મોટર્સના શેર પણ ઉછાળા સાથે બંધ થયા હતા. લાર્સન એન્ડ ટુબ્રો, ટાઈટન, બીપીસીએલ અને ટાટા કન્ઝ્યુમરના શેર શેરબજારમાં ટોપ લુઝર્સમાં છે. દેશની સૌથી મોટી પેસેન્જર વાહન કંપની મારુતિ સુઝુકીએ ચાલુ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. મારુતિ સુઝુકી કંપનીનો કોન્સોલિડેટેડ નફો ૩૩ ટકા વધીને રૂ. ૩૨૬૦ કરોડ થયો છે જ્યારે આવક ૧૫ ટકા વધીને રૂ. ૩૩ ૫૧૨ કરોડ થઈ છે.પીએનબીનો શેર ટૂંક સમયમાં રૂ. ૧૪૭નો લક્ષ્યાંક, વિકાસ બગડિયા સટ્ટો લગાવવાની સલાહ આપી રહ્યા છે, રૂ. ૯૦નો સ્ટોપ લોસ સેટ કરો ! બુધવારે શેરબજારના પ્રારંભિક કામકાજમાં નબળાઈ બાદ દિવસભર સેન્સેક્સ અને નિફ્ટી લીલા નિશાનમાં રહ્યા હતા. બીએસઈ સેન્સેક્સ અને એનએસઈનિફ્ટી એક-એક ટકાના વધારા સાથે બંધ થયા છે. બુધવારે નિફ્ટી મિડ કેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં વધારો નોંધાયો હતો. શેરબજારમાં વધારો દર્શાવતી કંપનીઓ વિશે વાત કરીએ તો, ડૉ. રેડ્ડીઝ લેબ્સ, આઈશર મોટર્સ, ડિવિઝ લેબ, સન ફાર્મા, ટાટા મોટર્સ, સિપ્લા અને એસબીઆઈના શેરમાં વધારો નોંધાયો હતો જ્યારે લાર્સન એન્ડ ટુબ્રો, ટાઈટન, બીપીસીએલ, ટાટા કન્ઝ્યુમર અને કોટક.બેંક શેરમાં ઉછાળો જોવા મળ્યો છે. નિફ્ટીમાં ડૉ.રેડ્ડીઝ, સન ફાર્મા, ટાટા મોટર્સ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, પાવર ગ્રીડ અને બજાજ ઓટોના શેર ૫૨ સપ્તાહની ટોચે પહોંચ્યા હતા. નિફ્ટી ઈન્ડેક્સની વાત કરીએ તો લગભગ તમામ ઈન્ડેક્સ લીલા રંગમાં કામ કરી રહ્યા હતા.

## રાષ્ટ્રવાદી યુવા નેતાઓ કૌશિક વેકરિયા અને મુકેશ સંઘાણી દ્વારા યુવાનોને પ્રેરક ઉદ્દબોધન

# અમરેલી પાલિકા અને સારહિ યુથ કલબનાં સંયુકત ઉપક્રમે 'એક શામ શહિદો કે નામ' કાર્યક્રમ યોજાયો










અમરેલી શહેરમાં સિનિયર સિટીઝન પાર્ક ખાતે અમરેલી નગરપાલિકા તથા સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવી સારહિ યુથ કલબ ઓફ અમરેલીના સંયુક્ત ઉપક્રમે ૭૫માં પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ ક્રિષ્ના ગ્રુપ સુરત દ્વારા અદભુત લાઈટિંગ અને સાઉન્ડ સાથે દેશભક્તિ ગીતના રંગારંગ કાર્યક્રમ એક શ્યામ દેશ કે નામ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તથા શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઈંગ્લીશ મીડીયમ સ્કુલ,શ્યામ નૃત્ય વૃંદા ગ્રુપ, પ્રજ્ઞા સ્માર્ટ સ્કૂલ, બી યોર સેલ્ફ ડાન્સ ગ્રુપ તથા ડોકટર કલામ ઈનોવેટિવ સ્કુલના બાળકો દ્વારા પ્રભુ શ્રીરામ તથા દેશભક્તિ ગીતોની સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને સૌને મંત્રમુગ્ધ કરવામાં આવ્યા હતા આવી અદભુત કૃતિઓ રજૂ કરનાર બાળ કોને મંચ ઉપર ઉપસ્થિત તમામ મહાનુભાવોના હાથે ઈનામ તથા સન્માન પત્રો આપી અને સન્માનિત કરી અને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. દેશભક્તિ ગીતના આ રંગારંગ કાર્યક્રમમાં સારહી યુથ કલબના પ્રમુખ મુકેશ સંઘાણી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવો તથા અમરેલી શહેરની જાહેર જનતાનું શબ્દોથી સ્વાગત કરીને અમરેલી નગરપાલિકા દ્વારા લોક ઉપયોગી કાર્ય તથા વિકાસના કરવામાં આવેલા કામો તથા સારહી યુથ કલબ દ્વારા શહેર તથા જિલ્લાના લોકો માટે કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓની ઝલક આપવામાં આવી હતી અને જણાવ્યું હતું કે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા અમરેલી શહેર તથા જિલ્લાના વિકાસ કાર્યો માટે રાજય સરકારમાંથી કરોડો રૂપિયાની ગ્રાન્ટ લઈ આવવામાં સફળ રહ્યા છે. અને કરોડો રૂપિયાના વિકાસના કામો તેમની કુનેહ અને કાબેલિયતથી અત્યારે શહેરમાં ચાલુ છે તે બદલ કૌશિકભાઈ વેકરીયાને અભિનંદન પાઠવ્યા હતા તથા ઉપસ્થિત સાંસદ નારણભાઈ કાછડીયા દ્વારા સૌને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા જિલ્લાની જનતાને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ આપી અને અમરેલી નગરપાલિકાની સુંદર કામગીરીને બિરદાવી હતી તથા લોક પ્રતિનિધિ તરીકે હર હંમેશ સાથે ઉભા રહીને તમામ મદદ કરવાની ખાતરી સાથે મુકેશભાઈ સંઘાણીની આગેવાનીમાં ચાલતી સારહી યુથ કલબની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ જેવી કે રાહતદરે લેબોરેટરી સેવા,મેડિકલ સાધનો, કોરોનાં વેકશીનેશન કેમ્પો સાહિતની સેવાઓને બિરદાવી અને આવા સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ બંને સંસ્થાઓને અભિનંદન પાઠવ્યા હતા. આ તકે ઈફકોના ચેરમેન તથા સહકારી જગતના ભીષ્મ પિતામહ એવા દિલીપભાઈ સંઘાણી દ્વારા પણ શહેર તથા જિલ્લાની જનતાને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી અને નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણીની આગેવાનીમાં તથા સારહી યુથ કલબની વિવિધ પ્રવૃત્તિઓની પ્રશંસા કરી હતી અને સારહી યુથ કલબ દ્વારા સંચાલિત સારહી તપોવન આશ્રમ નો ઉલ્લેખ કરી અને સંસ્થાઓની પ્રવૃત્તિઓને વધુમાં વધુ લોકો સુધી સેવા કે પ્રવૃત્તિઓ કરતી રહે એવી અભિલાષા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમના અંતમાં આભાર વિધિ અમરેલી નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી દ્વારા કરવામાં આવી હતી તથા દેશભક્તિના આ રંગારંગ કાર્યક્રમ એક શામ દેશ કે નામ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અમરેલીના લોકપ્રિય સાંસદ નારણભાઈ કાછડીયા, અમરેલી અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, જિલ્લા ભાજપના મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, પ્રદેશ મહિલા મોરચાના મંત્રી ભાવનાબેન ગોંડલીયા, નગરપાલિકાના ઉપપ્રમુખ બીનાબેન કાલેણા,કારોબારી ચેરમેન મનીષભાઈ ધરજીયા, શાસકપક્ષના નેતા શીતલબેન ઠાકર, દંડક દિલાભાઈ વાળા સહીત અમરેલી શહેરની દેશપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી.

## રાજુલામાં પાટા વાળા મામા દેવનો ડાક ડમરૂનો કાર્યક્રમ યોજાશે



રાજુલા, તા. ૩૧

રાજુલા શહેરમાં જૂની કડીયાળી રોડ રાજુલા ખાતે પાટાવાળા મામા દેવનો ડાક ડમરૂનો પ્રોગ્રામ રાખવામાં આવેલ છે જે કાર્યક્રમ તારીખ ૮/૨/૨૦૨૪ નાં સમય રાત્રિના ૧૨ કલાકનો રાખેલ છે. આ શુભ પ્રસંગે સર્વોને માતાજીના ભુવાઓ ઉપરાંત ધાર્મિક સમુદાયના તમામ લોકોને પધારવા મામાદેવ યુવક મંડળ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવેલ છે. જેમાં આ કાર્યક્રમમાં રાવળદેવ તરીકે જીગ્નેશભાઈ રાવળ ગારીયાધાર વાળા અને તેમનો સ્ટાફ મોમાઈ ગૃપના સથવારે મામાદેવ યુવક મંડળ કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યારે સર્વ ધર્મ પ્રેમી જનતાની આ કાર્યક્રમમાં ભાવભીનું આમંત્રણ મામાદેવ યુવક મંડળ દ્વારા પાઠવવામાં આવેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૦ | ૧૨૩૫ |
| ૨ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૩૯૯ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૩૦૪૦ |
| ૪ | તલ કાળા | ૨૭૦૦ | ૩૧૦૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૮૦૦ | ૪૦૭૫ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૫૨૦ |
| ૭ | જુવાર | ૫૫૧ | ૯૦૦ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૭૦ | ૬૦૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૮૧ |
| ૧૦ | મકાઈ | ૪૫૧ | ૪૭૬ |
| ૧૧ | મગ | ૧૨૯૦ | ૧૭૯૨ |
| ૧૨ | ચણા | ૮૪૦ | ૧૧૫૭ |
| ૧૩ | ચણા દેશી | ૧૪૩૫ | ૧૪૩૫ |
| ૧૪ | તુવેર | ૧૬૧૦ | ૨૦૨૬ |
| ૧૫ | કપાસ | ૧૦૬૦ | ૧૪૨૯ |
| ૧૬ | એરંડા | ૧૦૭૦ | ૧૧૨૬ |
| ૧૭ | જીરૂ | ૫૪૭૫ | ૬૨૦૦ |
| ૧૮ | રાયડો | ૮૯૩ | ૯૧૨ |
| ૧૯ | રાય | ૧૦૫૦ | ૧૩૧૫ |
| ૨૦ | ધાણા | ૧૦૧૫ | ૧૧૦૦ |
| ૨૧ | સોયાબીન | ૮૩૬ | ૮૬૩ |
| ૨૨ | મરચા લાંબા | ૧૦૧૦ | ૩૩૧૦ |

## અમરેલીમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત આયોજિત પરંપરાગત રમતોની સ્પર્ધા યોજાશે

અમરેલી, તા. ૩૧

વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાત રાજયમાં પરંપરાગત રમતો જેવી કે, દોરડા કૂદ(જમ્પ શેપ), સાતોલીયું(લગોરી), લંગડી, સંગીત ખુરશી, માટીની કૂસ્તી અને કલરીપટ્ટુ, શતરંજ, આંબલી–પીપળી, મગદળ, લેજીમ, મલખમ–લાઠી જેવી રમતો રમાતી હોય આ રમતો ભુલાઈ ન જાય અને ડિજિટલ માધ્યમ સિવાયના માધ્યમો દ્વારા બાળ કો રમતગમત સાથે જોડાય તેવા હેતુથી ઉપરોકત રમતોમાંથી દોરડા કૂદ, (જમ્પ રોપ), સાતોલીયું (લગોરી), લંગડી, માટીની કુસ્તી અને કલરીપટ્ટુ અંડર–૧૯ ભાઈઓ/બહેનો માટેનું અમરેલી જિલ્લાનું આયોજન જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર અમરેલી ગોળ દવાખાનાની બાજુમાં ચિતલ રોડ, અમરેલી દ્વારા તા. ૦૪/૦૨/૨૦૨૪ના રોજ સવારે ૮:૦૦ કલાકે કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાની વધુ વિગત માટે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી ચિતલ રોડ, સ્પોર્ટસ કોમ્પ્લેક્ષના ટેલીફોન નંબર–૦૨૭૯૨ –૨૨૧૯૬૧ ઉપર સંપર્ક કરી મેળવી શકાશે, તેમ જિલ્લા રમત ગમત અધિકારી (ઈન્ચાર્જ)એ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલા શહેરમાં ભારતીય બનાવટની**

દિપકભાઈ ભરતભાઈ ધાખડાને પોતાના રહેણાંક મકાનેથી ચોક્કસ બાતમી હકીકત આધારે અલગ અલગ બ્રાન્ડની ભારતીય બનાવટના પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની કંપની રિંગપેક બોટલ નંગ–૪૮ ની કુલ કિ.રૂ.૭૪૧૦/– ના પ્રોહી લગત મુદામાલ સાથે પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે. આ કામગીરી રાજુલા પો.સ્ટે.ના પો.ઈન્સ. આઈ.જે.ગીડા સાહેબની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ. જયરાજભાઈ જેતુભાઈ તથા હેડ કોન્સ. જયેન્દ્રભાઈ સુરગભાઈ તથા હેડ.કોન્સ. હરપાલસિંહ વિક્રમસિંહ તથા પો.કોન્સ. મહેશભાઈ ગણેશભાઈ તથા પો.કોન્સ. રવિભાઈ બાબુભાઈ તથા પો.કોન્સ. હરેશભાઈ ભાયાભાઈ તથા હરેશભાઈ નાનજીભાઈ સહિતના રાજુલા પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૮ | ૧૪૦૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૯૫ | ૯૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૧૧ | ૧૨૫૬ |
| ૨ | શીંગ મોટી | ૯૪૦ | ૧૩૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૬૮૧ | ૩૦૬૧ |
| ૪ | જીરૂ | – | ૫૮૦૧ |
| ૫ | કપાસ | ૧૧૫૧ | ૧૪૨૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૯૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૧૩ |
| ૮ | બાજરો | ૪૧૦ | ૫૧૮ |
| ૯ | જુવાર | ૭૦૦ | ૯૫૦ |
| ૧૦ | મકાઈ | ૪૦૦ | ૫૨૩ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૬૦ |
| ૧૨ | દેશી ચણા | ૯૫૦ | ૧૪૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું **આંબરડી સફારી પાર્કમાં**

રિલીઝ કરવામાં આવેલ વરૂની પ્રજાતિને ખતરો હોય એવું લાગી રહ્યું છે. કારણ કે જંગલમા વન્યજીવ મોતને ભેટે તો અનેક બહાના આગળ ધરે છે પરંતુ અહિ તો વન વિભાગના સ્ટાફને સુપરવિઝન કરવાનું સાવ સરળ હોય છે. કારણ કે સી.સી.ટી.વી.થી તથા સયંમ પણ મોનિટરીંગ કરી શકે છે. કારણે અહિ માત્ર પાંજરાના પ્રાણી જે પાંજરામાં જ હોય છે કોઈ મોટો વિસ્તાર સ્કેન કરવાનો રહેતો નથી. છતાં જો વન્યજીવના મોત થાય તો જંગલમાં અનેક કિલો મીટરના વિસ્તારમાં જયારે વન્યજીવની રક્ષા કરવાની થાય તો કેવી સુરક્ષા થતી હશે તે પણ એક મહવનો સવાલ છે.

તેમજ સફારી પાર્કમા અગાઉ પણ આવી રીતે વન્યજીવ મોતને ભેટયા છે તે સર્વવિદિત છે. તેમજ પાર્ક ચોરી થયેલ ત્યારે પણ વન એકટીવીસટો દ્વારા અંદરના વન્યજીવ કેટલા સુરક્ષીત છે તે અંગે તપાસની તથા યોગ્ય સુરક્ષાની માંગ કરી હતી. પરંતુ દરેકવાર ફુલગુલાબી ચિત્ર રજુ કરતુ વનતંત્ર કોઈ તપાસ કે કાર્યવાહી કર્યા વગર જ સંતોષ માની લીધો હતો.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૬૫ | ૧૪૧૧ |
| ૨ | તલ સફેદ | ૨૬૦૫ | ૨૬૦૫ |
| ૩ | જુવાર સફેદ | ૭૨૬ | ૯૦૧ |
| ૪ | બાજરો | ૪૮૫ | ૪૯૧ |
| ૫ | તુવેર | ૧૮૪૬ | ૧૮૪૬ |
| ૬ | સોયાબીન | ૬૬૬ | ૮૧૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૯૦૦ | ૧૩૪૩ |
| ૩ | ઘઉં | ૫૦૧ | ૫૩૨ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | તુવેર | ૧૮૧૫ | ૧૮૭૫ |
| ૬ | સોયાબીન | ૮૩૯ | ૮૩૯ |
| ૭ | મેથી | ૧૦૧૫ | ૧૦૧૫ |
| ૮ | ધાણા | ૧૧૭૦ | ૧૧૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ૨ | ચણા | ૧૦૨૦ | ૧૦૫૫ |
| ૩ | મગફળી | ૧૧૦૦ | ૧૧૮૫ |
| ૪ | તુવેર | ૧૨૦૨ | ૧૭૯૧ |
| ૫ | મગ | ૧૧૧૦ | ૧૩૮૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૬ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૨ | ૫૬૫ |
| ૮ | ધાણા | ૮૦૦ | ૧૧૨૦ |
| ૯ | સોયાબીન | ૭૫૨ | ૮૦૨ |
| ૧૦ | અડદ | ૧૬૪૦ | ૧૭૦૦ |
| ૧૧ | જુવાર | ૪૧૨ | ૧૦૧૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૨૦ | ૧૪૨૦ |

પાના ૮ ઉપરનું ચાલું **બાબરા જિલ્લા મદયસ્થ**

માટે તેમની જમીનની તા.૧/૧/૨૦૨૪ નાં રોજ જાહેર હરરાજીની માટેની જાહેર નોટીસ બજાવવામાં આવેલ. પરંતુ તા. ૩૦/૧/૨૦૨૪ ના રોજ બાકીદાર તરફથી બાકી લોનનાં પૈસા ચુકતે ભરપાઈ કરવામાં આવતા તા. ૧/૨/૨૦૨૪નાં રોજ બાબરા તાલુકાનાં સમઢીયાળા ગામે કરવામાં આવનાર જમીનની જાહેર હરરાજી કેન્સલ કરવામાં આવેલ છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

પાના ૮ ઉપરનું ચાલું **બાબરામાં હોન્ડા શોરૂમનાં માલીક**

કોમ્પ્લેક્ષમાં કામધેનું ટ્રાન્સપોર્ટની ઓફીસે બોલાવી, શો–રૂમમાં કર્મચારીએ ગાડીની ટાંકીમાં નુકસાન કરેલ હોય જે બાબતે પોલીસ કેસ નહી કરવા તેમજ કોર્ટમાં કેસ નહી કરવા અને ડરાવી ધમકાવી સમાધાન કરવા પેટે પ્રથમ રૂપિયા સાત લાખ, બાદ ચાર લાખ રોકડાની માંગણી કરેલ હોય તેમજ ફરી વખત બોલાવી પચાસ હજાર ગૌશાળામાં તથા ત્રણ લાખ રોકડાની ખંડણીની માંગણી કરેલ હતી. ત્યારે આરોપી ગજેન્દ્રભાઈ શેખવાએ પણ શો–રૂમના માલિક જયદિપભાઈને કહેલ કે તો તમે મને દસ લાખ રૂપિયા એક વર્ષ પુરતા આપો, હું તમને મારા અને મારી પત્નિના બેંકના ચેક આપુ. અમે પણ કાંઈક ધંધો કરીએ અને આ કાંઈ કાર્યવાહી કરીશુ નહી અને તમારે બાબરામાં ધંધો કરવો હોય તો તમે મને દર બેસતા વર્ષે પચાસ હજાર રૂપિયા આપજો હું તમને સંપુર્ણ પ્રોટેકશન આપીશ અને આવી કોઈ હેરાનગતી કરીશુ નહી. તેમ કહી શો–રૂમના માલિક જયદિપભાઈને ખોટી રીતે હેરાન પરેશાન કરી ધંધાને નુકસાન પહોંચાડવા અને શાખા ડાઉન કરવા માટે ખોટી રીતે સાડા ત્રણ લાખની માંગણી કરી શો–રૂમના માલિક જયદિપભાઈને છેલ્લા ૨૦ દિવસથી કારણ વગર રાત્રીના સમયે એકલા તેમની ઓફીસે બોલાવી ખોટી રીતે બોલાવી જયદિપભાઈ પાસે રોકડની ખંડણી માંગ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૧૬૪ | ૧૨૭૬ |
| ૩ | તલ સફેદ | ૨૩૮૦ | ૨૪૫૦ |
| ૪ | તુવેર | ૧૪૯૦ | ૧૯૯૦ |
| ૫ | ચણા | ૯૦૬ | ૧૦૩૪ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૯૦ | ૯૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૯૦૨ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૪૧૦ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૬૦૦ |
| ૬ | જુવાર | ૬૦૧ | ૯૧૧ |
| ૭ | વટાણા | ૯૦૯ | ૯૦૯ |
| ૮ | તુવેર | ૭૦૦ | ૧૯૧૯ |
| ૯ | ચણા | ૯૨૬ | ૧૧૧૨ |
| ૧૦ | જીરૂ | ૪૭૦૦ | ૪૭૦૦ |
| ૧૧ | એરંડી | ૧૦૨૬ | ૧૦૨૬ |
| ૧૨ | અજમા | ૨૨૭૫ | ૨૨૭૫ |
| ૧૩ | રાય | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૧૪ | સોયાબીન | ૬૫૦ | ૮૩૫ |

### ૫૦ વર્ષથી ભાજપનાં કાર્યકર્તા તરીકે ફરજ બજાવતા

# અમરેલીનાં રઘુવંશી સમાજનાં અગ્રણી દિનેશ પોપટને ભાજપમાં મહત્વની જવાબદારી

### રાષ્ટ્રીય પરિષદનાં સભ્યપદે વરણી કરાઈ

અમરેલી, તા.૩૧, ભાજપનાં પાયાનાં કાર્યકર અને પુર્વ જિલ્લા પ્રમુખ તથા રઘુવંશી સમાજનાં ગૌરવ દિનેશભાઈ પોપટની ભાજપનાં રાષ્ટ્રીય પરિષદના સભ્યપદે વરણી થઈ છે. અમરેલી લોકસભા વિસ્તારમાંથી ભાજપની નેશનલ કાઉન્સીલ મેમ્બર તરીકે દિનેશ પોપટની વરણી થતા શુભકામનાંઓનો ધોધ વહેતો થયો છે. ભારતીય જનતા પાર્ટી ગુજરાત



યાદીમાં જણાવ્યા અનુસાર ભાજપની નેશનલ કાઉન્સિલ ૨૦૨૪નાં મેમ્બર પદે અમરેલી પાર્લામેન્ટ કન્સલ્ટન્સીમાંથી દિનેશભાઈ પોપટની વરણી કરવામાં આવી છે. ભાજપનાં કાર્યકરોમાં દિનેશબાપાનાં નામે પ્રિય દિનેશભાઈ પોપટ ગત લોકસભાની ચુંટણીમાં ચુંટણી પ્રચાર દરમ્યાન ઈજાગ્રસ્ત થવા છતાં પણ પ્રચાર પ્રસારમાં વ્યસ્ત રહ્યાાં હતા.

### મોસાળે મા પીરસનારી હોય તેમ છતાં

# ગુજરાતને ૧૦થી વધુ જુદી જુદી યોજનાઓમાં કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા એક પણ રૂપિયો આપવામાં આવ્યો નથી

### ડબલ એન્જીનના ગાણા ગાતી ભાજપ સરકાર દ્વારા કરવામાં આવતો હળહળતો અન્યાય

અમદાવાદ, તા. ૩૧

'મોસાળે મા પીરસનારી હોય' તેમ છતાં ગુજરાતને ૧૦થી વધુ જુદી જુદી યોજનાઓમાં કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા એક પણ રૂપિયો ગુજરાતને આપવામાં આવ્યો નથી. ત્યારે ડબલ એન્જીનના ગાણા ગાતી ભાજપા સરકાર દ્વારા ગુજરાતને કરવામાં આવતા હળહળતાં અન્યાય અંગે ભાજપાનો જવાબ માંગતા ગુજરાત કોંગ્રેસના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, કેન્દ્રના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા કેન્દ્રની યોજના અને કેન્દ્ર અનુમોદિત યોજનાઓમાં ગુજરાતને થપ્પડ આપવામાં આવી છે.

અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને ઓબીસી સમાજના લોકોનાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્થાન માટેની યોજનાઓમાં કેન્દ્ર સરકાર દ્વારા પુરતું બજેટ ફાળવવામાં આવતું નથી.

કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા અનુસુચિત જાતિનાં વિદ્યાર્થીઓના મેરિટમાં સુધારો થાય તે યોજના, ક્રેડિટ ગેરંટી યોજના, પ્રધાનમંત્રી દક્ષતા અને કૌશલ્યતા સંપન્ન હિતગ્રહી યોજના, સ્કીમ ફોર પ્રિવેન્શન ઓફ આલ્કોલીસમ એન્ડ ડ્રગ્સ અબ્યુસ, રીસર્ચ સ્ટડી એન્ડ પબ્લિકેશન, ઈનટ્રીગ્રેટેડ પ્રોગામ ફોર સીનીયર સિટીજન, નેશનલ સર્વેઓન ડ્રગ્સ અબ્યુસ, ઈન્ટ્રીગ્રેટેડ પ્રોગામ ફોર રીહાબીલીટેશન ઓફ બેગર (ભિખારીનાં પુનઃવસનની યોજના), રાષ્ટ્રીય વયોશ્રી યોજના, વિશ્વાસ યોજના સહિત જુદી જુદી યોજનાઓ જે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને બક્ષીપંચ સમાજના લોકોનાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્થાન માટે જરૂરી છે ત્યારે 'મોસાળે મા પીરસનારી હોય' તેમ છતાં ગુજરાતને યોજનાઓમાં એક પણ રૂપિયો ન આપીને કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા હળહળતો અન્યાય કરવામાં આવ્યો છે.

વિચરતી વિમુકત જાતીનાં આર્થિક કલ્યાણ માટેની SEED યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં ૪૦ કરોડ ફાળવવામાં આવ્યા જેમાંની ૧ ટકાથી પણ ઓછી રકમ વાપરવામાં આવી. વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૮ કરોડ ફાળવવામાં આવ્યા જેમાંથી પણ માત્ર ૨.૩ કરોડ વાપરવામાં આવ્યા. કહેવાતી ડબલ એન્જીન સરકારની અણઘડ નીતિઓને કારણે લાભાર્થીઓને મળ વાપાત્ર લાભથી વંચિત રહી ગયા. વર્ષ ૨૦૨૦-૨૧માં અનુસુચિત જાતિ અને ઓબીસી સમાજના વિદ્યાર્થીઓ માટે કોચિંગ માટેના ૪૦ ટકાથી પણ ઓછો એટલે કે ૩૦ કરોડ રૂપિયાના બજેટમાંથી માત્ર ૧૧ કરોડ જેટલો ખર્ચ કરવા આવ્યો. ભિક્ષુક (ભીખ માંગીને જીવ નિર્વાહ કરનાર)ના પુનઃ વર્સન માટેના વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૦ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૫ કરોડ ફાળવવામાં આવ્યા જેમાંથી પણ એક ટકાથી ઓછો ખર્ચ કરવામાં આવ્યો. આજ દર્શાવે છે કે ભાજપ સરકારની માનસિકતા ગરીબ-શ્રમિક-વંચિતો વિરોધી છે. માનીતા ઉદ્યોગપતિઓ માટે લાલ જાજમ પાથરીને કરોડો રૂપિયાની લોન આપતી ભાજપ સરકાર ગરીબો-વંચિતો માટે ફાળવેલા નાણાં પણ વાપરતી નથી.

''અમરેલી એક્સપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એક્સપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## સા.કુંડલા : અમરેલી એકસપ્રેસનાં પ્રતિનિધિનો આજે બર્થ-ડે

સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા સૂર્યોદય કેળવણી અને સાંસ્કૃતિક મંડળ ટ્રસ્ટ સંચાલિત સનરાઈઝ કમ્પ્યુટર ઈન્સ્ટિટયૂટના પ્રિન્સીપાલ અને અમરેલી એકસપ્રેસના પત્રકાર કેવલ વેલાણીના આજે જન્મ દિવસ નિમિતે સમગ્ર અમરેલી એકસપ્રેસ પરીવાર.. ખબરદાર પરીવાર... સૂર્યોદય પરીવાર... ખુમાણ પરીવાર... સનરાઈઝ પરીવાર... ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.



## રાજુલા : શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કાલેજ ખાતે વિજ્ઞાન જાથાનો કાર્યક્રમ સંપન્ન

રાજુલા, તા. ૩૧

શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજ રાજુલા ખાતે વિજ્ઞાન જાથાનાં ચેરમેન જયંતભાઈ પંડયાનો અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો કાર્યક્રમનાં અધ્યક્ષ રાજુલા પી.આઈ. ઈન્દુબેન ગીડાની પ્રેરક હાજરી રહેલ.

કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટ્ય તથા શાબ્દિક સ્વાગતથી થયેલ.અત્રે ઉપસ્થિત મહેમાન રમેશ ભાઈ કાતરિયા, સેડી પ્રિન્સિપાલ પવન કુમાર ચતુર્વેદી, કેમ્પસ ડાયરેકટર ડો.જીજ્ઞેશભાઈ વાજા, કેમ્પસ મેનેજર રવિભાઈ વ્યાસ, સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, કારોબારી સભ્ય બિપીનભાઈ લહેરી, ઉમેશ ભાઈ મોદી, ગિરધરભાઈ ઊનાગર, પૂર્વ શિક્ષણ સમિતિ ચેરમેન વિમળાબેન ઉનાગર, ગર્લ્સ સ્કૂલ પ્રિન્સિપાલ સીમાબેન પંડયા, શિક્ષક નયનાબેન સોલંકી, પત્રકાર કનુભાઈ વરૂ, ઉસ્માનભાઈ ગોરી, યોગેશભાઈ કાનાબાર, ઈરફાનભાઈ ગોરી, આતાભાઈ વાઘ, નરોત્તમભાઈ માલનકિયા, નાયબ મામલતદાર હિતેશભાઈ કાતરીયા, સિધ્ધાર્થભાઈ દેવગામી, ભારતીબેન દેવગામી, અંકલેશભાઈ ગોહિલ, વિનોદભાઈ વામજા, રોમિતભાઈ રાજદેવ, હર્ષાબેન પંડયા, મુમતાજબેન શેખ તથા પરેશભાઈ જોશી કાન્હા વિશ્વ વિદ્યાલય ટ્રસ્ટી તેમજ વિશાળ સંખ્યામાં વાલીઓની ઉપસ્થિતિમાં સમારંભ સંપન્ન થયેલ. પ્રિન્સિપાલ ડો.રીટા બેન રાવલનાં શાબ્દિક સ્વાગત બાદ અંધશ્રદ્ધા અંગેનાં જાથાનાં ચેરમેન જયંતભાઈ પંડયાએ પ્રયોગ દ્વારા વહેમ અંધશ્રદ્ધાનો પર્દાફાશ કરેલ.

આ રીતે લોક જાગૃતિનો વિચાર સમાજ પરિવર્તન માટે સુંદરપ્રયાસ કરેલ. એન.એસ.એસ.નાં સ્વયમ સેવિકા બહેનોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો.સોનલબેન ઝાપડીયા તથા આભાર દર્શન નેહાબેન દરજીએ કરેલ.

આ કાર્યક્રમનો લાભ બહોળા પ્રમાણમાં મળે તેવા આયોજનને સફળતા મળી હતી.

### સમસ્ત શહેરીજનો દ્વારા આયોજન

# ચલાલા ખાતે જગતગુરૂ રામાનંદાચાર્ય મહારાજની જન્મજયંતીની થશે ઉજવણી

### વિરાટ શોભાયાત્રાનું પણ આયોજન થયું

ચલાલા, તા. ૩૧


સમસ્ત ચલાલા મિઠાપુર(ડુંગરી) ગામ દ્વારા શ્રી શ્રી ૧૦૦૮ શ્રી જગતગુરૂ રામાનંદાચાર્ય મહારાજની ૭૨૪મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી ખુબ ઉમંગ ઉત્સાહપૂર્વક તા. ૨/૨/૨૦૨૪ ના થનાર છે. જેમાં બપોરનાં ૩ કલાકે ભીમનાથ મહાદેવ મંદિરથી વિરાટ અને ભવ્ય શોભાયાત્રાનું સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા પ્રસ્થાન કરાવશે. શહેરનાં રાજમાર્ગો પર ડી.જે. અને બેન્ડ વાજાનાં સથવારે ફરી ગાયત્રી મંદિર અમરેલી રોડ પર ધર્મસભામાં ફેરવાશે.

### વકિલ મંડળનાં પ્રમુખ સહિતનાં હોદેદારો દ્વારા

# અમરેલી ડીએલએસએનાં સેક્રેટરી ચીફ તથા ડે. ચીફ સહિતનું સન્માન થયું

### પુષ્પગુચ્છ આપીને સન્માન કરાયું





અમરેલી, તા.૩૧

અમરેલી : નેશનલ લીંગલ સર્વિસ ઓથોરીટી, દ્વારા ડીસ્ટ્રીકટ કોર્ટ ખાતે કાર્યરત લીંગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલ સીસ્ટમ શરૂ થયાને એક વર્ષ સફળતા પુર્વક પુર્ણ કરેલ છે. અને આ લીંગલ એઈડ ડીફેન્સ કાઉન્સીલ દ્વારા ગરીબ તથા જરૂરીયાતમંદ પક્ષકારોને કાયદામાં નકકી કરેલ માપદંડ મુજબ મફત કાનુની સહાય અને સલાહ પુરી પાડવામાં આવે છે. અને જેમાં તમામ પ્રકારનાં ક્રિમીનલ કેસો માટે સક્ષમ એડવોકેટોની નિમણુંક કરવામાં આવેલી છે. અને આ એલ.એ.ડી.સી.માં આ વર્ષ દરમ્યાન ૨૦૦ સફળતા પુર્વક એક વર્ષ પુરૂ કરવા બદલ અમરેલી ડી.એલ.એસ.એ. નાં સેક્રેટરી આર.વાય ત્રિવેદી તથા ચીફ ઓફ એલ.એ.ડી.સી. આર.એસ. ખીમસુરીયા તથા ડે. ચીફ એમ.વી. પટેલ તથા આસી.એ.પી.સોલંકીનું અમરેલી વકીલ મંડળનાં પ્રમુખ એન.વી. ગીડા, વાઈસ પ્રેસીડેન્ટ હિરેન્દ્રસિંહ વાળા તથા સેક્રેટરી જે.આર. વાળા તથા એચ.એમ. સોલંકી તથા એડવોકેટસ દ્વારા પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવેલ, તેમ વાઈસ પ્રેસીડેન્ટ હિરેન્દ્રસિંહ વાળાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ધારાસભ્ય કાકડીયાનાં વરદ્ હસ્તે ભૂમિપૂજન


# ચલાલાનાં મહાદેવપરા ખાતે સીનિયર સિટીઝન પાર્ક બનાવાશે

### સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા

ચલાલા, તા. ૩૧

ચલાલાના મહાદેવપરા વિસ્તારમાં બાપા સીતારામના ઓટા પાસે સિનિયર સીટીઝન પાર્કનું ખાતમુર્હત કરતા ધારાસભ્ય જે.વી.કાકડીયા, ચલાલા શહેર ભાજપ ઉપપ્રમુખ ભયલુભાઈ વાળા, ધારી માર્કેટિંગયાર્ડના ઉપપ્રમુખ હર્ષદભાઈ રાવલ, પ્રકાશભાઈ કારીયા, બક્ષીપંચ મોરચાના પ્રમુખ શૈલેષભાઈ ઉનાગર, કિશોરભાઈ ખૂંટ, મનસુખભાઈ કાનાણી, નારણભાઈ ખૂંટ, ભરતભાઈ માલવિયા, કેતનભાઈ સરવૈયા, કુરજીભાઈ ખૂંટ, જયંતિભાઈ કાકડિયા તેમજ મહાદેવપરા વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહી, ધારાસભ્યનો સિનિયર સીટીઝન





પાર્કનું કામ શરૂ કરવા બદલ આભાર વ્યકત કરી અભિનંદન આપ્યા હતા.

# ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ ખેલ મહાકુંભમાં કરાટે સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ







યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની દીકરીઓ જિલ્લા કક્ષાએ યોજાયેલ ખેલ મહાકુંભમાં કરાટે સ્પર્ધામાં જુદા-જુદા વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય નંબર પ્રાપ્ત કરેલ છે. જેમાં જિલ્લા કક્ષાની કરાટે સ્પર્ધા સાવરકુંડલા મુકામે યોજવામાં આવી હતી. જેમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલયની વિદ્યાર્થીની અંડર ૧૭ માં પ્રથમ નંબરે ઝાલા પરમેશ્વરી એસ. અને દ્વિતીય નંબરે અલ્ફીજા બી. તેમજ અંડર ૧૪ માં દ્વિતીય નંબર વાળા મહેક બી.એ મેળવી. હવે આગળ રાજય કક્ષાએ જશે. આ રીતે નંબર મેળવી તેઓએ શાળા પરિવાર અને જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. તેઓ ઉતરોતર પ્રગતિ કરે તેવા આશીર્વાદ સંસ્થાના વડા પૂ. રતિદાદાએ પાઠવ્યા હતા અને સંસ્થા દ્વારા ચાલતી સ્કૂલ અને કોલેજમાં તમામ દીકરા-દિકરીઓને કરાટે, સ્કેટિંગ, લાઠીદાવ, ઘોડેસવારી જેવા કૌશલ્યો ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ અને આચાર્ય શીતલબેન મહેતા દ્વારા કોચ મહેતા રીદ્વિબેન તથા હર્ષિદાબેન મહેતા દ્વારા શીખવવામાં આવે છે.

### લીલીયા પંથકનાં માલધારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા

# અંટાળીયા ખાતે ગૌચર જમીન દબાણ હટાવવા બેઠક યોજાઈ

**ગૌચર બચાવો સંઘર્ષ સમિતિની રચના પણ કરી દેવામાં આવી**

**જુદા-જુદા ગામોમાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો દૂર કરવા, પ્રાણીઓ દ્વારા થતાં મારણ સહિતનાં પ્રશ્નો રજુ થયા**

**આગામી દિવસોમાં મોટી સંખ્યામાં માલધારી સમાજની ઉપસ્થિતિમાં તાલુકા ગૌચર બચાવો સંઘર્ષ સમિતિની રચના કરાશે**

**નિર્મળભાઈ ખુમાણ, દેહુરભાઈ ભરવાડ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



લીલીયા, તા. ૩૧

લીલીયા મોટાના અંટાળીયા ખાતે તાલુકાના ૩૪ ગામોના માલધારીઓની મીર્ટીંગ ક્ષત્રિય સમાજના અગ્રણી નિર્મળભાઈ ખુમાણની આગેવાનીમાં મળી હતી. આ મિટિંગમાં સૌ પ્રથમ જાત્રોડાના સરપંચ અને માલધારી આગેવાન સુખાભાઈ ભરવાડ દ્વારા આમંત્રિત મહેમાનનો અને માલધારી સમાજના લોકોનું શાબ્દિક સન્માન કરેલ અને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ત્યારબાદ કાર્યક્રમના અધ્યક્ષ નિર્મળ ભાઈ ખુમાણ દ્વારા પંથકના જુદા જુદા ગામોમાં ગૌચરની જમીનમાં થયેલ દબાણો દૂર કરવા, વન્ય પ્રાણીઓ દ્વારા પશુઓના મારણ કરવામાં આવે છે તેના વળતરની રકમમાં વધારો કરવો અને માલધારીઓને આકસ્મિક વીમા કવચ આપવા સહિતની વિવિધ માંગણીઓનો એજન્ડા બનાવી આવનાર દિવસોમાં સમગ્ર તાલુકાના માલધારી સમાજ દ્વારા ખુબ મોટી સંખ્યામાં આવેદનપત્ર આપવા માટે આહવાન કરવામાં આવેલ. આ તકે મોટી સંખ્યામાં ઉપસ્થિત માલધારી સમાજની ઉપસ્થિતિમાં તાલુકા ગૌચર બચાવો સંઘર્ષ સમિતિની રચના કરવામાં આવી હતી. આ મિટિંગમાં દેહુરભાઈ ભરવાડ, કાનજીભાઈ ભરવાડ, દડુભાઈ આહીર સહિતનાઅગ્રણી આગેવાનો સહિત માલધારી સમાજના લોકો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### શોરૂમનાં કર્મચારીથી અકસ્માત થતાં

## બાબરામાં હોન્ડા શોરૂમનાં માલીક પાસેથી રૂપિયા ૩.૫૦ લાખની ખંડણીની માંગણી

**બે વ્યકિતઓ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૩૧

બાબરા મુકામે મનહર હોન્ડા નામનો ટુ વ્હીલનો શોરૂમ ધરાવતા જયદિપભાઈ કિશોરભાઈ રાવરાણી નામના ૩૦ વર્ષિય યુવક તેઓ વેપાર ધંધો કરતા હોય અને આરોપી શ્યામભાઈ હિંમતભાઈ તેરૈયાને ટુવ્હીલ એકિસડન્ટ થયેલ હોય. જેથી ઈન્શ્યોરન્સમાં રીપેરીંગ માટે મુકેલ હોય અને શો–રૂમના કર્મચારીની ભુલથી તે ગાડી સ્લીપ થતાં ગાડીની ટાંકીમાં ઘોબો પડી ગયેલ હતો. જેથી બાબરા ખાતે રહેતા આરોપી શ્યામભાઈ હિંમતભાઈ તેરૈયાએ ફોન કરી શો–રૂમના માલિક જયદિપભાઈને ફોન કરીને ત્રણ વખત બાબરામાં આવેલ અનમોલ પાર્ક પાસે આવેલ

(અનુસંધાન પાના ૬ ઉપર)

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## રાજુલા શહેરમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની ૪૮ બોટલો ઝડપાઈ

**આરોપી દીપભાઈ રે. મફતપરા વિરૂદ્ધ કાર્યવાહી કરાઈ**

રાજુલા, તા. ૩૧

રાજુલા પો.સ્ટે.ના પો.ઈન્સ,આઈ.જે.ગીડાની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ. જયરાજભાઈ જેતુભાઈ તથા હેડ કોન્સ. જયેન્દ્રભાઈ સુરગભાઈ તથા હેડ.કોન્સ. હરપાલસિહ વિક્રમસિંહ તથા પો.કોન્સ. મહેશભાઈ ગણેશભાઈ તથા પો.કોન્સ. રવિભાઈ બાબુભાઈ તથા પો.કોન્સ. હરેશભાઈ ભાયાભાઈ તથા હરેશભાઈ નાનજીભાઈએ રીતેના રાજુલા પો.સ્ટે. વિસ્તારના મફતપરા વિસ્તાર નવા રેલ્વે સ્ટેશન સામે રહેતા

(અનુસંધાન પાના ૬ ઉપર)



### શહેરની દરેક ગલીઓમાં રખડુ શ્વાનથી સમસ્યા વધી

## અમરેલીનાં શહેરીજનોની ઊંઘમાં વિક્ષેપ કરતાં રખડુ શ્વાનની સમસ્યા દૂર કરવા માંગ

**પાલિકાનાં શાસકોએ આધુનિક યુગમાં શ્વાનની સમસ્યાનું વૈજ્ઞાનિક રીતે નિરાકરણ કરવું જોઈએ**





પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૩૧

અમરેલી શહેરમાં છેલ્લા ૩ દાયકામાં રખડુ શ્વાનની સંખ્યામાં વધારો ન થાય તે માટે પાલિકાનાં શાસકોએ વૈજ્ઞાનિક રીતે કોઈ કાર્ય ન કરતાં શહેરમાં રખડુ શ્વાનની સંખ્યામાં વિક્રમી વધારો નોંધાયો છે.

શહેરની લગભગ દરેક ગલીઓ, જાહેર માર્ગો ઉપર મોટી સંખ્યામાં રખડુ શ્વાનનાં આંટાફેરા જોવા મળી રહ્યા છે. રાત્રિનાં સમયે શહેરીજનોની ઊંઘને પણ રખડુ શ્વાનનાં ભસવાનાં કારણે વિક્ષેપ ઉભો થઈ રહ્યો છે.

શહેરનાં અનેક રહેણાંક વિસ્તારમાં બાળકો, વૃધ્ધો અને મહિલાઓને ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યું છે અને હાથમાં લાકડી લઈને નીકળવું પડે તેવી ગંભીર પરિસ્થિતિ જોવા મળી રહી છે. તદુઉપરાંત રખડુ શ્વાન પાછળ દોડતા હોવાનાં કારણે અકસ્માતની કે હોસ્પિટલમાં જવાની પણ સમસ્યા ઉભી થઈ છે. ભારત દેશ આજે ચંદ્ર પર પહોંચી ગયો છે દરેક ક્ષેત્રમાં આધુનિકતા જોવા મળી રહી છે. તેવા સમયે રખડુ શ્વાનની સમસ્યાનું વૈજ્ઞાનિક ઢબે નિરાકરણ કરવા માટે સરકાર પાસે કોઈ સુઝબુઝ નથી કે ઈચ્છાશકિત નથી તે સમજી શકાતું નથી.

### બેન્કની બાકી રકમ જમા કરાવી દેતા

## બાબરા જિલ્લા મધ્યસ્થ બેન્કનાં બાકીદારની મિલ્કતની હરરાજી કેન્સલ

**સમઢીયાળા ગામની જમીનની હરરાજી નહી થાય**

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. બાબરા શાખા તળેનાં બાકીદાર બાવનદાસ વજેરામભાઈ વિ.ના કુ.મુ. શિવરામભાઈ વજેરામભાઈ કુબાવત રે. સમઢીયાળાએ બેંકની બાકી લોન ભરપાઈ ન કરતા તેમની પાસેથી રેવન્યુ રાહે વસુલાત કરવા

(અનુસંધાન પાના ૬ ઉપર)


જોઇએ છે

અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.

કોમ્પ્યુટર ઓપરેટર....................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.






Since 1988

બાલમુકુંદ જ્વેલર્સ

આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)

55,790/-

અમરેલી

વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)